


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક
ગરવી ગુજરાત
Volume : 18
Issue : 127
Dt.: 17-01-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa


### મહારાષ્ટ્ર નગર નિગમની ચૂંટણીમાં કોંગ્રેસને ૩ સીટ મળી

# મહારાષ્ટ્રની ૨૯ નગર નિગમમાંથી ૨૧ સીટ પર ભાજપનો કબજો

## શિવસેના (શિંદે જૂથ), કોંગ્રેસ અને શિવસેના (ઠાકરે જૂથ)ને મર્યાદિત સફળતા મતગણતરીના પરિણામો બતાવે છે કે રાજ્યમાં ભાજપની સ્પષ્ટ લહેર જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં નગર નિગમ ચૂંટણીએ મોટો રાજકીય બદલાવ નોંધાવી દીધો છે. રાજ્યની ૨૯ નગર નિગમોની ચૂંટણીના પરિણામ જાહેર થઈ ચુક્યા છે અને આ પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ લીડ બનાવતા વિપક્ષને મોટો ઝટકો આપ્યો છે. આંકડા અનુસાર, ભાજપે મુંબઈ સહિત ૨૧ નગર નિગમ પર કબજો કરી લીધો છે. જ્યારે શિવસેના (શિંદે જૂથ), કોંગ્રેસ અને શિવસેના (ઠાકરે જૂથ)ને મર્યાદિત સફળતા મળી શકે છે.

સૌથી મોટો ઝટકો શિવસેના (ઠાકરે જૂથ)ને લાગ્યો છે, જેને મુંબઈમાં ૨૫ વર્ષો બાદ સત્તા ખોવાનો વારો આવ્યો છે. એક સમયે મહાનગરોની રાજનીતિમાં મજબૂત પકડ ધરાવતી કોંગ્રેસ પણ આ ચૂંટણીમાં ખાસ કંઈ પ્રભાવ છોડી શકી નથી.

મતગણતરીના પરિણામો બતાવે છે કે રાજ્યમાં ભાજપની સ્પષ્ટ લહેર જોવા મળી રહી છે. ભાજપે ન ફક્ત મુંબઈમાં સત્તા મેળવી છે, પણ પુણે, નાગપુર, નાસિક જેવા મોટા શહેરો અને રાજકીય રીતે મહત્ત્વના શહેરો પર પોતાનું વર્ચસ્વ બનાવી રાખ્યું છે.

આ સીટો પર ભાજપની જીત

મુંબઈ, નવી મુંબઈ, મીરા-ભયંદર, ઉલ્હાસનગર, પનવેલ, પુણે, પિંપરી-ચિંચવડ, ઈચલકરંજી, સાંગલી-મિરાજ-કુપવાડ, કોલ્હાપુર, સોલાપુર, નાગપુર, અકોલા, અમરાવતી, નાસિક, ધુલે, જલગાંવ, અહિલ્યાનગર, જાલના, નાંદેડ-વાધાલા, છત્રપતિ સંભાજીનગર

શિવસેના (શિંદે જૂથ): થાણે-કલ્યાણમાં ગઢ જાળવી રાખ્યો

મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ બે સીટો પર દબદબો જાળવી રાખ્યો છે.

થાણે, કલ્યાણ ડોમ્બિવલી

કોંગ્રેસને આ વખતે ૩ નગર નિગમોમાં સફળતા મળી છે

લાતૂર-એકલા દમ પર સત્તા મેળવી

ભિવંડી-નિઝામપુર-એકલા દમ પર સત્તા

ચંદ્રપુર-શિવસેના (યુબીટી) સાથે ગઠબંધનમાં સરકાર

ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળા જૂથને ખાલી પરભણી નગર નિગમમાં સફળતા મળી છે. જ્યાં કોંગ્રેસના સમર્થનથી સત્તા બની છે. કૂલ મળીને ઠાકરે જૂથનો શહેરી પ્રભાવ આ ચૂંટણીમાં નબળો પડ્યો છે.

વસઈ-વિરાર નગર નિગમમાં બહુજન વિકાસ અઘાડીએ ફરી એક વાર પોતાની મજબૂત પકડ બનાવી છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ આ જીત મ્ફછ માટે રાજકીય રીતે મહત્ત્વની માનવામાં આવી રહી છે. માલેગાંવ નગર નિગમમાં કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમત મળતો નથી દેખાતો. આવા સમયે અપક્ષ ઉમેદવાર કિંગમેકરની ભૂમિકામાં આવી ગયા છે. હવે માલેગાંવના મેયર કોણ હશે, એ સંપૂર્ણપણે એ વાત પર નિર્ભર છે કે અપક્ષ કઈ પાર્ટીને ટેકો આપે છે.

---

### આખરે ડોનાલ્ડ ટ્રમ્પની ઈચ્છા પૂરી થઈ!

# મારિયા મચાડોએ નોબેલ પુરસ્કાર ટ્રમ્પને ભેટ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન

વેનેઝુએલામાં ચાલી રહેલા ગંભીર રાજકીય સંકટ વચ્ચે, વિપક્ષી નેતા અને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મારિયા કોરિના મચાડો અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચેની મુલાકાતે રાજકીય ગરમાવો વધારી દીધો છે. આ મુલાકાત બાદ મચાડોએ દાવો કર્યો કે તેમણે પોતાનો નોબેલ શાંતિ પુરસ્કાર મેડલ ટ્રમ્પને ભેટમાં આપ્યો હતો. આ ગિફ્ટ ડિપ્લોમસીએ વૉશિંગ્ટનથી લઈને કરાકસ સુધી નવી રાજકીય અટકળોને જન્મ આપ્યો છે.આ બહુચર્ચિત બેઠક ગુરુવારે વ્હાઈટ હાઉસમાં લંચ પર યોજાઈ હતી, જે આ મહિનાની શરૂઆતમાં અમેરિકાની આગેવાની હેઠળના ઓપરેશનમાં પૂર્વ પ્રમુખ નિકોલસ માદુરોની ધરપકડ બાદ થઈ છે. એક કલાકથી વધુ ચાલેલી ચર્ચા બાદ જ્યારે મચાડો વ્હાઈટ હાઉસમાંથી બહાર નીકળ્યા, ત્યારે તેમના સમર્થકોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે સમર્થકોને કહ્યું, “આપણે પ્રમુખ ટ્રમ્પ પર વિશ્વાસ કરી શકીએ છીએ.”નોબેલ પુરસ્કારની ભેટ અને નિયમો જ્યારે મચાડોને પૂછવામાં આવ્યું કે શું ટ્રમ્પે તેમના દ્વારા આપવામાં



આવેલો મેડલ સ્વીકાર્યો છે, તો તેમણે જવાબ આપવાનો ઈનકાર કર્યો હતો. જોકે, નોબેલ શાંતિ પુરસ્કાર આપતી સંસ્થા પહેલા જ સ્પષ્ટ કરી ચૂકી છે કે નિયમો અનુસાર પુરસ્કારને ટ્રાન્સફર કે શેર કરી શકાતો નથી.બીજી તરફ, મારિયા કોરિના મચાડો વ્હાઈટ હાઉસમાંથી એક ગિફ્ટ બેગ લઈને બહાર નીકળ્યાં, જેના પર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લખેલું હતું. આ લાલ રંગની બેગમાં શું હતું તે સ્પષ્ટ થયું નથી.મચાડો અંગે અમેરિકાનું વલણ વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લીવિટે મચાડોને વેનેઝુએલાના લોકોનો ‘નોંધપાત્ર અને સાહસી અવાજ’ ગણાવ્યો હતો, પરંતુ સાથે જ પુનરોચ્ચાર કર્યો કે તેમના નેતૃત્વની સંભાવનાઓ અંગે ટ્રમ્પનું મૂલ્યાંકન બદલાયું નથી. ટ્રમ્પ પહેલા પણ કહી ચૂક્યા છે કે નેતૃત્વ કરવા માટે તેમને પૂરતું સ્થાનિક સમર્થન પ્રાપ્ત નથી.નોબેલ પુરસ્કાર વિજેતા હોવા છતાં, મચાડોને અમેરિકી અધિકારીઓ તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો છે.

---

# અંડરવર્લ્ડ ડોનથી નેતા બનેલા અરુણ ગવલીની બંને દીકરીઓ ચૂંટણી હારી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અંડરવર્લ્ડ ડોન અને મુંબઈની રાજનીતિમાં ડેડીના નામથી જાણીતા અરુણ ગવલીને મહાનગરપાલિકાની ચૂંટણીમાં એક પછી એક બે મોટા ઝટકા લાગ્યા છે. તેમના મજબૂત પકડવાળા ગઢમાં જ ગવલી પરિવારને હારનો સામનો કરવો પડ્યો છે. તેમની બંને દીકરીઓ ચૂંટણી હારી ગઈ છે. યોગિતાએ ભાયખલા-ચિંચપોકલીના વોર્ડ નંબર ૨૦૭માંથી અખિલ ભારતીય સેના (ABS)ની ટિકિટ પર ચૂંટણી લડી હતી. આ તેમની પ્રથમ ચૂંટણી હતી અને પહેલી જ ચૂંટણીમાં તેમને હારનો સામનો કરવો પડ્યો. યોગિતાને ભાજપના ઉમેદવાર રોહિદાસ લોખંડેએ હરાવ્યા છે.યોગિતા ગવલીએ વોર્ડના લોકો માટે સ્વચ્છ પાણી, ડ્રેનેજ અને કચરા વ્યવસ્થાપન જેવી મૂળભૂત જરૂરિયાતોને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો. સાથે જ શિક્ષણ, સુરક્ષા અને મહિલાઓના રોજગારના મુદ્દાઓ પર પણ કામ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

---

### કેરળની SAI હોસ્ટેલમાં આત્મહત્યા

# બે કિશોરી વયની ખેલાડીઓએ ફાંસી લગાવી આત્મહત્યા કરી



(સંપૂર્ણ સમાચાર સેવા)કોલ્લમ (કેરળ)

કેરળના કોલ્લમ સ્થિત સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI)ના હોસ્ટેલમાં બે કિશોરી ખેલાડીઓ (તાલીમાર્થી) ના મૃતદેહ રૂમમાં ગળે ફાંસો લગાવેલી હાલતમાં મળી આવ્યા. પોલીસ મુજબ, બંને વિદ્યાર્થિનીઓ સ્પોર્ટ્સ કોચિંગ લઈ રહી હતી અને હોસ્ટેલમાં જ રહેતી હતી. મૃત છોકરીઓની ઓળખ કોઝિકોડ જિલ્લાની સાન્ડ્રા (૧૭) અને તિરુવનંતપુરમ જિલ્લાની વૈષ્ણવી (૧૫) તરીકે થઈ છે.સાન્ડ્રા એથલેટિક્સની ટ્રેની હતી અને ધોરણ ૧૨માં અભ્યાસ કરતી હતી, જ્યારે વૈષ્ણવી કબડ્ડી ખેલાડી હતી અને ધોરણ ૧૦ની વિદ્યાર્થીની હતી. ઘટનાસ્થળેથી કોઈ સ્યુસાઈડ નોટ મળી નથી. પોલીસે મામલાની તપાસ શરૂ કરી છે.આ ઘટના ગુરુવારે સવારે આશરે પાંચ વાગ્યે સામે આવી, જ્યારે હોસ્ટેલમાં રહેતા અન્ય ટ્રેની ખેલાડીઓએ જોયું કે બંને છોકરીઓ સવારની ટ્રેનિંગ સેશનમાં હાજર રહી નહોતી. વારંવાર દરવાજો ખખડાવ્યા છતાં કોઈ જવાબ ન મળતાં, હોસ્ટેલ અધિકારીઓએ દરવાજો તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

---

### મિનિયાપોલીસમાં ટ્રમ્પ વહીવટીતંત્ર સામે લોકોના ઉગ્ર દેખાવો

# ટ્રમ્પની પોલીસે ઈમિગ્રન્ટ્સને પગમાં ગોળી મારતા ફરી બબાલ

## અગાઉ ૭ જાન્યુઆરીએ મિનિયાપોલીસમાં અધિકારીઓએ રેની ગૂડ નામની મહિલાને ગોળી મારતા તેનું મોત થયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)મિનિયાપોલીસ

અમેરિકાના મિનિયાપોલીસ શહેરમાં ફેડરલ અધિકારીએ વેનેઝુએલાના એક વ્યક્તિને પગમાં ગોળી મારી ઘાયલ કરતાં ફરી તંગદિલી ઊભી થઈ હતી.

ગયા સપ્તાહે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના અધિકારીએ 37 વર્ષીય અમેરિકન મહિલા પર ફાયરિંગ કરતાં તેનું મોત થયું હતું અને તેનાથી ટ્રમ્પ વહીવટીતંત્ર સામે લોકોનો રોષ ભભૂકી ઉઠ્યો હતો. હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે જણાવ્યું હતું કે ફેડરલ કાયદા અમલીકરણ અધિકારીઓએ અમેરિકામાં ગેરકાયદે રહેતા વેનેઝુએલાના એક વ્યક્તિને અટકાવ્યો હતો. તે વ્યક્તિ ગાડી લઈને ભાગ્યો હતો અને એક પાર્ક કરેલી કાર સાથે અથડાયો હતો. આ પછી તે બહાર આવ્યો હતો. અધિકારીઓ તે વ્યક્તિ સુધી પહોંચ્યા તે પછી નજીકના એપાર્ટમેન્ટમાંથી બીજા બે લોકો આવ્યાં હતાં અને ત્રણેય લોકોએ અધિકારી પર હુમલો કર્યો હતો. તેથી અધિકારીએ સ્વબચાવમાં ફાયરિંગ કર્યું હતું.

એપોર્ટમેન્ટમાંથી આવેલા બે વ્યક્તિને કસ્ટડીમાં લેવાયા હતાં.અગાઉ 7 જાન્યુઆરીએ મિનિયાપોલીસમાં અધિકારીઓએ રેની ગૂડ નામની મહિલાને ગોળી મારતા તેનું મોત થયું હતું. આ ઘટના પછી સતત વિરોધી દેખાવો ચાલુ છે, ત્યારે આ નવી ઘટના માત્ર કિમી દૂર બની હતી. બુધવારની ઘટના પછી શહેરના મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતાં. તેમને વિખેરી નાંખવા માટે અધિકારીઓએ ટીયર ગેસના સેલ છોડ્યાં હતાં.મિનિયાપોલિસમાં ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) સામેના વિરોધ પ્રદર્શનો વધુ ઉગ્ર બનતા પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે બળવાખોરી ધારો અમલી બનાવીને સૈનિકો તૈનાત કરવાની ધમકી આપી હતી. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે જો મિનેસોટાના ભ્રષ્ટ રાજકારણીઓ કાયદાનું પાલન કરીને પ્રોફેશનલ આંદોલનકારીઓ અને બળવાખોરોને ICEના દેશભક્તો પર હુમલો કરતા અટકાવશે નહીં તો વિરોધી દેખાવોને અંત લાવવા માટે સૈનિકો તૈનાત કરીશ.

---

### અમેરિકામાં ભારતીયો પર ચિંતાજનક રીતે ભેદભાવ વધ્યો

# ટ્રમ્પના કારણે અમેરિકામાં ભારતીયોની ઈમેજ “નોકરી ચોર, વિઝા કૌભાંડી”!

## ભારતીય આઈટી અને કમ્પ્યુટર એન્જિનિયર્સને નોકરીએ રાખતી અમેરિકન કંપનીઓ પણ ટ્રમ્પ સરકારની નજરમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)વૉશિંગ્ટન,

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રમુખ બન્યા ત્યારથી ભારતીયો સહિત વિદેશી નાગરિકો માટે વિઝા પૉલિસી કડક બની છે. એક તરફ ટ્રમ્પ સરકાર કોઈને કોઈ રીતે નિયમો આકરા બનાવીને વિઝા ન આપવા પડે તે માટે બહાના બનાવે છે. બીજી તરફ જે ભારતીયો અમેરિકામાં છે તેમની સામે ભેદભાવ પણ સતત વધ્યો છે. સ્થાનિક લોકો હવે ભારતીય નાગરિકોને નફરતની નજરે જોઈ રહ્યાં છે. ભારતીયો સહિત એશિયન્સ નાગરિકો સામે હિંસામાં ૧૨ ટકાનો વધારો થયો છે.અમેરિકન આઈટી ફીલ્ડમાં કામ કરવા માટે ભારતીયોમાં બેહદ પોપ્યુલર એચ-૧બી વિઝાની અરજી ફી એક લાખ ડોલર જેવી ઊંચી થઈ ચૂકી છે. વિઝા રિન્યૂ કરવા ઈચ્છતા હજારો પ્રોફેશનલ્સને એક વર્ષ સુધી વિઝા અપોઈન્ટમેન્ટની તારીખો આપવામાં આવતી નથી. જે એચ-૧ બી વિઝાની અરજી કરે એમાં જેનો પગાર વધારે હોય તેને પ્રાથમિકતા આપવામાં આવે એવી પૉલિસી બનાવાઈ છે. કારણ કે અમેરિકન કંપનીઓ પર આર્થિક બોજ વધશે ને તે સ્થાનિકોને નોકરીએ આપવાને પ્રાથમિકતા આપશે.અમેરિકામાં ભારતીયોને નોકરીઓ આપતી કંપનીઓ સામેય લોકો સોશિયલ મીડિયમાં આક્રોશ ઠાલવી રહ્યાં છે. ટ્રમ્પની કડક વિઝા પૉલિસી, વિદેશી નાગરિકો સ્થાનિકોના અવસરો છીનવી લે છે એવું નરેટિવ, વિદેશી નાગરિકો ગેરકાયદે ઘૂસે છે તેનાથી સુરક્ષા જોખમાય છે એવા દાવા વગેરેના કારણે અમેરિકા હવે ભારતીયો સહિત વિદેશી નાગરિકો માટે સલામત રહ્યું નથી. અમેરિકામાં વિદેશી નાગરિકો પર થઈ રહેલી હિંસામાં છેલ્લાં એક વર્ષમાં ૧૨ ટકાનો વધારો થયો છે. ઓનલાઈન ભારતીયોને ટાર્ગેટ કરીને અપશબ્દોનો ઉપયોગ ૬૯ ટકા સુધી વધી ગયો છે. અમેરિકાના નાગરિકો ભારતીયો માટે વિઝા સ્કેમર્સ, ઘૂસણખોરો, નોકરી ચોર જેવા શબ્દો પ્રયોજે છે.ફેડએક્સ, વોલમાર્ટ, વેરિઝોન જેવી કંપનીઓ ભારતીયોને નોકરી આપે છે, તેથી અમેરિકી નાગરિકો હવે આ કંપનીઓને પણ ટાર્ગેટ કરે છે અને સોશિયલ મીડિયામાં તેમની વિરૂદ્ધ અસંખ્ય પોસ્ટ થતી રહે છે. ફેડએક્સના ભારતીય મૂળના સીઈઓ રાજ સુબ્રમણિયમને સોશિયલ મીડિયામાં ટાર્ગેટ કરાયા હતા. અમેરિકન કંપનીઓ પર ભારતીયોનો કબજો અટકાવો એ પ્રકારનું ઓનલાઈન કેમ્પેઈન ચાલી રહ્યું છે અને ટ્રમ્પ સમર્થકો સોશિયલ મીડિયાના માધ્યમથી ભારતીય મૂળના ટેકનોક્રેટ્સ સામેય મન ફાવે તેવા નિવેદનો આપી રહ્યાં છે.

---

# ભાજપે રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે ચૂંટણીની તારીખ જાહેર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના નવા રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા ૧૯ જાન્યુઆરીથી શરૂ થશે. ભાજપના કેન્દ્રીય ચૂંટણી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ૧૯ જાન્યુઆરીએ ચૂંટણી ફોર્મ ભરવામાં આવશે, જ્યારે ૨૦ જાન્યુઆરીએ નવા અધ્યક્ષનું નામ સત્તાવાર રીતે જાહેર કરી દેવામાં આવશે. હાલમાં પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીન આ પદ માટે મુખ્ય દાવેદાર છે અને તેમના નિર્વિરોધ ચૂંટાઈ જવાની પૂરેપૂરી શક્યતા છે.

નામાંકન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ, રાજનાથ સિંહ અને વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા પ્રસ્તાવક તરીકે હાજર રહી શકે છે.ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા માટે ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, પ્રદેશ અધ્યક્ષો અને રાષ્ટ્રીય પરિષદના સભ્યોને દિલ્હી બોલાવવામાં આવ્યા છે. જો ૪૬ વર્ષીય નીતિન નબીન અધ્યક્ષ તરીકે ચૂંટાઈ જાય, તો તેઓ ભાજપના ઈતિહાસમાં સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે. જે.પી. નડ્ડાના લાંબા કાર્યકાળ બાદ આ ચૂંટણી સંગઠનમાં મોટા ફેરફારનો સંકેત આપે છે. નોંધનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૫માં કાર્યકારી અધ્યક્ષ બન્યા બાદથી જ નીતિન નબીને સંગઠનને મજબૂત બનાવવા પર પૂરતું ધ્યાન આપ્યું હતું. ખાસ કરીને બૂથ સ્તરે તેમણે ઘણી મહેનત કરી હતી.




# તંત્રી લેખ......

## અસ્થિરતાના સમયમાં કેન્દ્રીય બજેટથી અપેક્ષાઓ, બધી નજર નવી મહત્વાકાંક્ષી જાહેરાતો પર

કેન્દ્રીય બજેટ માટે માત્ર એક પખવાડિયા બાકી છે, ત્યારે આર્થિક મોરચે બે વિરોધાભાસી ચિત્રો ઉભરી રહ્યા છે. જ્યારે ભારત ઝડપથી વિકાસ કરી રહ્યું છે, ત્યારે સરકાર નાણાકીય મોરચે પ્રમાણમાં સાવધ દેખાય છે. તે ખર્ચથી લઈને ઉધાર અને કલ્યાણકારી વચનો સુધીની દરેક બાબતમાં સાવધ છે. આ બંને દૃશ્યો પોતાનામાં માન્ય હોવા છતાં, મોટાભાગના લોકો તેમને સમજવામાં નિષ્ફળ જાય છે. આ પાછળનું એક મુખ્ય કારણ એ છે કે શું અર્થતંત્રના વિકાસની ગતિએ સંસાધનો ઉત્પન્ન થઈ રહ્યા છે કે નહીં તે અંગે જ્ઞાનનો અભાવ છે.

સકારાત્મક દૃશ્યની વાત કરીએ તો, ભારતીય અર્થતંત્ર મજબૂત રીતે પ્રગતિ કરી રહ્યું છે. સરકારના પ્રથમ એડવાન્સ અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭.૪ ટકાના દરે વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે. આ ગયા વર્ષના ૬.૫ ટકાના વિકાસ કરતા વધુ હશે. થોડા દિવસો પહેલા જ, બીજા ત્રિમાસિક ગાળાના ડેટા જાહેર કરવામાં આવ્યા હતા, જે નોંધપાત્ર ૮.૨ ટકા વૃદ્ધિ દર્શાવે છે. આ વૃદ્ધિ સામાન્ય જીવનમાં પણ પ્રતિબિંબિત થાય છે. વાહનોનું વેચાણ વધી રહ્યું છે. હવાઈ મુસાફરીમાં તેજી આવી છે. નાણા, પરિવહન, આતિથ્ય અને રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રો સતત વિસ્તરી રહ્યા છે. બેરોજગારી ઘટી છે, અને મનરેગા (હવે બીવી-જી-રામ જી તરીકે ઓળખાય છે) હેઠળ કામની શોધમાં ઘટાડો થયો છે. તે સ્પષ્ટ છે કે લોકો વધુ સારા વિકલ્પો શોધી રહ્યા છે, જે એક સકારાત્મક સંકેત છે.

તાજેતરના ડેટા સિવાય, ફુગાવો પણ સૌમ્ય છે. ખાદ્ય પદાર્થોના ભાવ અને ઈંધણના દરમાં સ્થિરતા જાળવી રાખવામાં આવી છે. આનાથી ઘરગથ્થુ બજેટ પર દબાણ ઓછું થયું છે અને રિઝર્વ બેંક માટે વ્યાજ દર ઘટાડવાનો અવકાશ વધ્યો છે. જનતાના દ્રષ્ટિકોણથી, ઉચ્ચ વૃદ્ધિ અને નરમ ફુગાવો ખૂબ જ અનુકૂળ માનવામાં આવશે. તો પછી, ચિંતા શું છે? વાસ્તવિક સમસ્યા વૃદ્ધિમાં નથી, પરંતુ આવકના સ્તરમાં છે. સરળ શબ્દોમાં કહીએ તો, અર્થતંત્ર વધુ માલ અને સેવાઓનું ઉત્પાદન કરી રહ્યું છે, પરંતુ તેમનું કુલ મૂલ્ય ઝડપથી વધી રહ્યું નથી.

વધારો તો દૂર, કેટલાક ક્ષેત્રોમાં ભાવ ઘટી રહ્યા છે. આ સારું લાગે છે, પરંતુ તેના પોતાના પરિણામો છે, જેના માટે અન્ય મોરચે ચૂકવણી કરવી પડે છે. પછી ભલે તે જીએસટી હોય, આવકવેરો હોય કે કોર્પોરેટ ટેક્સ હોય, મહેસૂલ સંગ્રહ વ્યવહારો પર આધાર રાખે છે. જ્યારે વ્યવહાર વૃદ્ધિ ધીમી પડે છે, ત્યારે કર સંગ્રહ પણ ધીમો પડે છે. ગયા વર્ષની તુલનામાં, પ્રત્યક્ષ અને પરોક્ષ કર વૃદ્ધિમાં થોડી નબળાઈનો ટ્રેન્ડ છે. સરકારી આવકમાં ઘટાડો થઈ શકે છે, પરંતુ પગાર, પેન્શન, વ્યાજ ચૂકવણી અને કલ્યાણ યોજનાઓ માટેની જવાબદારીઓ યથાવત રહે છે.

જ્યારે સરકારે રસ્તા, રેલ્વે, બંદરો, આવાસ અને ઉર્જામાં મોટા રોકાણ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે, ત્યારે સંસાધનોની જરૂરિયાત સ્વાભાવિક રીતે વધે છે. તેથી, સરકારને સંતુલન જાળવવામાં મુશ્કેલી પડે તે આશ્ચર્યજનક નથી. જો મહેસૂલ આવકમાં ઘટાડો થાય છે, તો તેને સ્પષ્ટપણે વધુ ઉધાર લેવું પડશે અથવા અન્યત્ર કાપનો આશરો લેવો પડશે. નવી મહત્વાકાંક્ષી જાહેરાતોને પણ નિયંત્રિત કરવાની જરૂર પડશે. આગામી બજેટમાં આ પડકારોને પહોંચી વળવા માટે પણ એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરવો પડશે. આ વાર્તામાં ઘણી અન્ય જટિલતાઓ છે. એક જટિલતા એ છે કે વિકાસની અસમાન પ્રકૃતિ. શહેરી વપરાશ મજબૂત રહે છે. એક વર્ગ મોટી સંખ્યામાં નવી કાર ખરીદી રહ્યો છે અને વૈભવી રજાઓ પર ખર્ચ કરવામાં શરમ અનુભવતો નથી. બીજી બાજુ, ઉત્પાદન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો સુસ્ત રહે છે. વીજળીની માંગમાં તાજેતરમાં ઘટાડો થયો છે.

જમ્મુ શ્રીનગર, પહેલગામ અને ગુલમર્ગ કરતાં વધુ ઠંડુ બન્યું

## ઉત્તર ભારતમાં ઠંડીનું થર્ડ ડિગ્રી ટોર્ચર, ૩ વર્ષનો રેકોર્ડ તોડ્યો



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જાન્યુઆરીના મધ્યમાં ઉત્તર ભારતમાં હવામાન ફરી એકવાર બદલાવાની તૈયારીમાં છે. ઉપરના વાતાવરણમાં જોરદાર પવન અને એક્ટિવ પશ્ચિમી વિક્ષેપના કારણે ઘણા રાજ્યોમાં વરસાદ, હિમવર્ષા, તીવ્ર ઠંડી, કોલ્ડવેવ અને ગાઢ ધુમ્મસ આવવાની ધારણા છે. હવામાન વિભાગે આજે પર્વતીય અને મેદાની વિસ્તારો બંને માટે કોલ્ડ વેવનું એલર્ટ જાહેર કર્યું છે.

હાલમાં, ઉત્તર ભારતમાં ઉપઉષ્ણકટિબંધીય પશ્ચિમી જેટ પ્રવાહ સક્રિય છે. આ જેટ પ્રવાહ આશરે ૧૨.૬ કિમીની ઊંચાઈએ અને આશરે ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વહે છે. દરમિયાન,૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ થી શરૂ થતાં, એક નવી પશ્ચિમી વિક્ષેપ પશ્ચિમી હિમાલયના પ્રદેશોમાં હવામાનમાં ફેરફાર કરશે, જેના કારણે આ વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષાનું અનુમાન છે.

કાશ્મીરમાં ઠંડીનો પ્રકોપ યથાવત છે, ગઈકાલે રાત્રે મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થયો છે. હવામાન વિભાગ અનુસાર, શ્રીનગરમાં ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન માઈનસ ૦□ સેલ્સિયસ નોંધાયું હતું. દરમિયાન, જમ્મુ શ્રીનગર, પહેલગામ અને ગુલમર્ગ કરતાં પણ વધુ ઠંડુ બન્યું હતું, કારણ કે ગઈકાલે જમ્મુમાં દિવસનું તાપમાન સામાન્ય કરતાં ૧૦.૧ ડિગ્રી સેલ્સિયસ નીચે હતું, જ્યારે ગાઢ ધુમ્મસને કારણે પ્રદેશમાં હવા અને રેલ ટ્રાફિક પર અસર પડી હતી. હવામાન વિભાગે જણાવ્યું છે કે, ૧૭ થી ૨૦ જાન્યુઆરી દરમિયાન જમ્મુ અને કાશ્મીર, લદાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન અને મુઝફ્ફરાબાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં હળવો થી મધ્યમ વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

એનસીઆરમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે. ઠંડા પવનો અને ધુમ્મસના કારણે લોકોના રોજિંદા જીવન ખોરવાઈ ગયા છે. વહેલી સવારે રસ્તાઓ પર ગાઢ ધુમ્મસ છવાઈ હતી, જેના કારણે વિઝિબિલિટીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જેથી વાહનચાલકો પારાવાર મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે.

૨૬મીની પ્રજાસત્તાક દિનની પરેડમાં યુરોપીયન સંઘના નેતાઓ ભાગ લેશે

# ભારત-EU વચ્ચેની ઐતિહાસિક ટ્રેડ ડીલ ૨૭ જાન્યુઆરીએઃ કૃષિનો સમાવેશ નહીં

### નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં દ્વિપક્ષી વેપાર ૧૩૫ અબજ ડોલર હતો, બંને પક્ષે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થવાથી વ્યાપારી સંબંધો વધારે મજબૂત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી,

ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં યુરોપિયન સંઘ (EU)ના નેતાઓ એન્ટોનિઓ કોસ્ટા અને ઉર્સુલા વોન ડેર લેએન ઉપસ્થિત રહેવાના છે.

અમેરિકાએ ટેરિફ પોલિસીનો ભય બતાવી ભારત પર દબાણ વધારવા પ્રયાસ કર્યો છે ત્યારે ભારત-EU વચ્ચે 27 જાન્યુઆરીના રોજ ટ્રેડ ડીલ પર હસ્તાક્ષર થશે. જોકે આ કરારમાં કૃષિ ક્ષેત્રનો સમાવેશ કરાયો નથી. ભારતના સૌથી મોટા વ્યાપારી ભાગીદારોમાં EUનો સમાવેશ થાય છે. નાણાકીય વર્ષ 2023-24માં દ્વિપક્ષી વેપાર 135 અબજ ડોલર હતો. બંને પક્ષે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થવાથી વ્યાપારી સંબંધો વધારે મજબૂત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આમંત્રણથી યુરોપિયન કાઉન્સિલ અધ્યક્ષ એન્ટોનિઓ લુઈસ સેન્ટોસ ડી કોસ્ટા અને યુરોપિયન કમિશન પ્રેસિડેન્ટ ઉરસુલા વોન ડેર લેઈન 25થી 27 જાન્યુઆરી દરમિયાન ભારતની મુલાકાતે આવી રહ્યા છે.

77મા ગણતંત્ર દિવસની ઉજવણીમાં તેઓ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ભારત દ્વારા દર વર્ષે ગણતંત્ર દિવસની ઉજવણીમાં વિદેશી મહાનુભાવોને આમંત્રિત કરાય છે. આ વર્ષે આવી રહેલા EUના નેતાઓ 27 જાન્યુઆરીએ યોજાનારી ભારત-EU સમિટમાં પણ ભાગ લેશે.

EU સંઘની સત્તાવાર યાદી મુજબ, ભારત સાથેની વ્યૂહાત્મક ભાગીદારીનું નિર્માણ કરવા અને મહત્ત્વના ક્ષેત્રોમાં જોડાણ મજબૂત બનાવવાના હેતુથી આ સમિટ યોજાઈ રહ્યું છે. સમિટ દરમિયાન ટ્રેડ, સિક્યુરિટી, ડીફેન્સ, ક્લીન ટ્રાન્સિશન અને પીપલ ટુ પીપલ કો-ઓપરેશન અંગે ચર્ચા થશે. કોસ્ટાએ કહ્યું હતું કે, EU માટે ભારત મહત્ત્વનું ભાગીદાર છે. બંને પક્ષ પાસે નિયમ આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાનું રક્ષણ કરવાની ક્ષમતા છે. ભાગીદારીના નિર્માણ સાથે સહકારને વેગ આપવાની તક આ બેઠકમાં મળશે. સૂત્રોના જણાવ્યા મુજબ, સમિટ દરમિયાન ફ્રી ટ્રેડ ડીલ પર મંજૂરીની મહોર માગશે.

ટેરિફની બીક બતાવી સમગ્ર વિશ્વમાં આર્થિક અરાજકતાનો માહોલ ઊભો કરી રહેલા અમેરિકાની જોહુકમી રોકવામાં પણ આ ડીલ મદદરૂપ થઈ શકે છે. ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ઉપરાંત સંરક્ષણ ક્ષેત્રે પણ બંને દેશ વચ્ચે કરાર થઈ શકે છે.

રવિન મ્હાત્રે બીજેપી ઉમેદવાર તરીકે જીત્યા

# એક જ પરિવારના ૩ નેતા, ૩ જુદા જુદા પક્ષમાંથી ચૂંટણી લડ્યા અને ત્રણેયની જીત

### પ્રહલાદ મ્હાત્રે MNS ની ટિકિટ પર વિજયી થયા છે,રેખા મ્હાત્રે શિવસેનાની ટિકિટ પર જીત હાંસલ કરી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણમાં હંમેશાં આશ્ચર્યજનક પરિણામો મળતા રહ્યા છે. અહીં એક પરિવારે એક એવી સિદ્ધિ મેળવી છે, જે ભૂતકાળમાં દેશના કોઈ ખૂણે યોજાયેલી કોઈપણ ચૂંટણીમાં શક્ય નથી બની.

મ્હાત્રે પરિવારે આ ચૂંટણીમાં અભૂતપૂર્વ ઈતિહાસ રચ્યો છે. પરિવારના ત્રણ સભ્યોએ ત્રણ જુદા જુદા રાજકીય પક્ષોની ટિકિટ પર ચૂંટણી લડી છે અને ત્રણેય વૉર્ડ જીતી લીધા છે! એક જ ઘરમાંથી ત્રણ જુદા ધ્વજ ફરકાવતા ત્રણ વિજેતા બન્યા છે. આ ત્રણેય ડોંબિવલીના ૨૧ નંબરના વૉર્ડની પેનલમાં ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા, પણ ત્રણેય અલગ અલગ પક્ષમાંથી.

કોણ કઈ પાર્ટીમાંથી જીત્યા?

પ્રહલાદ મ્હાત્રેઃ તેઓ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના(MNS)ની ટિકિટ પર વિજયી થયા છે.

રેખા મ્હાત્રેઃ તેમણે શિવસેનાની ટિકિટ પર જીત હાંસલ કરી છે.

રવિન મ્હાત્રેઃ તેઓ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે પોતાનો વૉર્ડ જીતવામાં સફળ રહ્યા છે.

આટલું જ નહીં મહારાષ્ટ્રમાં અન્ય એક મહાનગરપાલિકામાં પણ એક જ પરિવારના ત્રણ સભ્યો ચૂંટણીમાં વિજયી થયા છે. જલગાંવ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોલ્હે પરિવારના ત્રણ સભ્યો શિવસેનાની ટિકિટ પર ચૂંટણી લડ્યા અને ત્રણેયનો વિજય થયો. લલિત કોલ્હે, સિંધુતાઈ કોલ્હે અને પિયુષ કોલ્હેનો ચૂંટણીમાં વિજય થયો છે. ચૂંટણી જીત્યા બાદ પરિવારના સભ્યો એકબીજાને ભેટી પડ્યા હતા. ખાસ નોંધનીય છે કે લલિત કોલ્હે તો જેલમાં રહીને ચૂંટણી લડ્યા છે.

એક જ પરિવારના ત્રણ નેતા, શિવસેનામાંથી ચૂંટણી જીત્યા

લલિત કોલ્હે (પોતે)

સિંધુતાઈ કોલ્હે (લલિત કોલ્હેના સાસુ)

પિયુષ કોલ્હે (લલિત કોલ્હેના પુત્ર)

આ બનાવથી મહારાષ્ટ્રના રાજકારણની અમુક વિશેષતાઓ સામે આવે છે. જેમ કે,

૧. વંશીય રાજકારણનો પ્રભાવઃ થાણે જેવા પ્રદેશોના રાજકારણમાં સ્થાનિક શક્તિશાળી પરિવારો મજબૂત હોય છે. મતદારો ઘણી વાર પક્ષ કરતાં વ્યક્તિ અથવા પરિવારને વધુ મહત્ત્વ આપે છે. મ્હાત્રે પરિવારની સ્થાનિક પકડ એવી છે કે મતદારોએ પક્ષની જાતિ કરતાં પરિવારના નામને અગ્રતા આપી.

૨. પક્ષોની વ્યૂહરચનાઃ ત્રણેય મુખ્ય પક્ષો – MNS, શિવસેના અને ભાજપ – જાણતા હશે કે આ પરિવારની સ્થાનિક પહોંચ અને પ્રભાવને નકારવો મુશ્કેલ છે. તેથી જ, દરેક પક્ષે આ પરિવારના સભ્યને પોતાની ટિકિટ આપવાનું વધુ ફાયદાકારક ગણ્યું. આ એક પ્રકારની 'વૉર્ડ-બેઝ્ડ' સોદાબાજી થઈ.

૩. સત્તા માટેની લડતઃ સ્થાનિક ચૂંટણીઓમાં, વ્યક્તિગત પ્રભાવ અને સ્થાનિક મુદ્દાઓ રાષ્ટ્રીય પક્ષની વિચારધારા કરતાં વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે. આ ઘટના બતાવે છે કે કેન્દ્ર સરકાર અથવા રાજ્યની સરકાર જે હોય તે, પણ સ્થાનિક સત્તા-કેન્દ્રો પોતાની અલગ ચાલ ચાલે છે.

૪. ચૂંટણી વ્યૂહરચનાનો ફેરફારઃ આ ઘટના દર્શાવે છે કે ભારતીય લોકશાહી વધુ ને વધુ જટિલ બની રહી છે. પક્ષો પોતાની આદર્શ વિચારધારાને અનુસરવા કરતાં જીતી શકે એવા ઉમેદવારને મેદાનમાં ઉતારવા પર વધુ ધ્યાન આપી રહ્યા છે. વિચારધારા કરતાં 'સત્તા'ની લાલસા વધુ મહત્ત્વની બની રહી છે, એ કડવું સત્ય છે.

આ સોદો ટેક્સ મુક્તિ માટે હકદાર નથી : સુપ્રીમ કોર્ટ

# ફ્લિપકાર્ટમાં રૂ.૧૪,૪૪૦ કરોડમાં હિસ્સો વેચનાર અમેરિકન કંપનીએ ટેક્સ ચૂકવવો પડશે

### સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું કે, કંપની ભારત-મોરેશિયસ ટેક્સ સંધિ અંતર્ગત લાભ મેળવવા માટે હકદાર નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિગ્ગજ ઈ-કોમર્સ પ્લેટફોર્મ ફ્લિપકાર્ટમાં મોટો હિસ્સો વેચનાર ટાઈગર ગ્લોબલ પર ટેક્સ લાગવો જોઈએ કે નહીં, તે અંગે સુપ્રીમ કોર્ટે મોટો અને ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. કોર્ટે ટાઈગર ગ્લોબલને ઝટકો આપતા સ્પષ્ટતા કરી છે કે, તેને ટેક્સ ચૂકવવો પડશે. નોંધનીય છે કે, ટાઈગર ગ્લોબલે ઈ-કોમર્સ કંપનીમાં પોતાની ૧.૬ અબજ ડોલર (આશરે રૂ.૧૪,૪૪૦ કરોડ) ની હિસ્સેદારી વોલમાર્ટને વેચી દીધી હતી. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું કે, કંપની ભારત-મોરેશિયસ ટેક્સ સંધિ અંતર્ગત લાભ મેળવવા માટે હકદાર નથી. ટાઈગર ગ્લોબલ અને વોલમાર્ટ વચ્ચે થયેલા આ સોદામાં કેપિટલ ગેઈન્સ (મૂડી નફો) પર ભારતમાં ટેક્સ લાગુ થશે; કારણ કે દેશની અંદર થતી આર્થિક પ્રવૃત્તિ દ્વારા જનરેટ થયેલી આવક પર ટેક્સ લગાવવો એ દેશનો સ્વાભાવિક સાર્વભૌમ અધિકાર છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેંચે ગુરુવારે આ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ટાઈગર ગ્લોબલ અને વોલમાર્ટ વચ્ચે શેર વેચાણની આ સમજૂતી ટેક્સ ચોરીની એક પદ્ધતિ હતી, તેથી તેને કોઈ પણ રીતે ટેક્સમાં મુક્તિ મળી શકે નહીં. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને ભારતના મહેસૂલ વિભાગ માટે મોટી જીત માનવામાં આવે છે. આ નિર્ણયથી સીમાપાર થતા સોદાઓ પર ટેક્સ વસૂલવા બાબતે સરકારની સ્થિતિ વધુ મજબૂત બની છે, ખાસ કરીને એવા કિસ્સામાં જ્યાં મૂળ આર્થિક ગતિવિધિઓ ભારતમાં થતી હોય. રેવન્યૂ અધિકારીઓ લાંબા સમયથી દલીલ કરી રહ્યા હતા કે, કોઈ પણ આંતરરાષ્ટ્રીય સંધિનો ઉપયોગ ટેક્સ બચાવવા માટે ન થવો જોઈએ. કાયદાકીય નિષ્ણાતોનું માનવું છે કે, સુપ્રીમ કોર્ટનો આ ચુકાદો ભવિષ્યમાં વિદેશી રોકાણના માળખા અને ભારતીય સંપત્તિઓમાં હિસ્સો વેચવાના નિર્ણયો પર વ્યાપક અસર કરી શકે છે.

# મેહુલ ચોક્સીનો દીકરો પણ મની લોન્ડ્રિંગમાં સામેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભાગેડુ હીરાના વેપારી મેહુલ ચોક્સી વિરુદ્ધ ચાલી રહેલી તપાસના ૮ વર્ષ બાદ EDએ પહેલી વખત સત્તાવાર દાવો કર્યો છે કે મેહુલ ચોક્સીનો દીકરો રોહન પણ મની લોન્ડરિંગ નેટવર્કમાં સક્રિય ભૂમિકા ભજવી રહ્યો હતો. આ દાવો EDએ દિલ્હી સ્થિત અપીલેટ ટ્રિબ્યુનલ સમક્ષ પોતાની લેખિત દલીલોમાં કર્યો છે. આ કેસમાં ચોંકાવનારી બાબત એ છે કે છેલ્લા ૮ વર્ષમાં રોહન ચોક્સીનું નામ કોઈ FIRમાં આવ્યું નથી અને ન તો CBI કે ED દ્વારા નોંધાયેલા કોઈ PMLA કેસમાં તેને આરોપી બનાવવામાં આવ્યા છે. તેમ છતાં, EDનું આ તાજું નિવેદન કેસમાં નવો વળાંક લાવે છે.

EDએ ટ્રિબ્યુનલમાં કહ્યું કે, મેહુલ ચોક્સી ઘણી એવી કંપનીઓનો ડાયરેક્ટર પણ રહ્યો છે, જે માત્ર કાગળ પર જ અસ્તિત્વમાં હતી. આ કંપનીઓ દ્વારા ફેક લેવડ-દેવડ બતાવવામાં આવતી હતી, પરંતુ અસલમાં તેમાં કોઈ ખરીદી-વેચાણ થતું ન હતું. એજન્સીનો દાવો છે કે, આ શેલ કંપનીઓનો ઉપયોગ બ્લેક મનીને સફેદ બતાવવા માટે કરવામાં આવ્યો હતો.

તપાસ દરમિયાન બહાર આવ્યું કે, રોહન ચોક્સી લસ્ટર ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપનીમાં ૯૯.૯૯% શેરહોલ્ડર છે, જ્યારે આ કંપનીમાં મેહુલ ચોક્સી ડાયરેક્ટર છે.

EDના મતે આ જ કંપની દ્વારા વિદેશમાં નાણાંની હેરાફેરી કરવામાં આવી હતી. એજન્સીએ જણાવ્યું કે US$ ૧,૨૭,૫૦૦ (લગભગ રૂ.૮૧.૬ લાખ) રકમ Asian Diamond & Jewellery FZE તરફથી સિંગાપોરની Merlin Luxury Group Pvt Ltd. ને મોકલવામાં આવી હતી.

EDનો દાવો છે કે, આ રકમ સીધી રીતે પ્રોસીડ્સ ઓફ ક્રાઈમ હતી. Merlin Luxury Group પણ મેહુલ ચોક્સીના નિયંત્રણ હેઠળ હતી અને તેને લસ્ટર ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંચાલિત કરવામાં આવી રહી હતી. EDના મતે, આ સંરચનામાં રોહનની મુખ્ય હિસ્સેદારી હોવાથી તે સંપત્તિની જપ્તીથી બચી શકે નહીં.

EDએ કહ્યું કે રેકોર્ડ પરના ડોક્યુમેન્ટ, ટ્રાન્ઝેક્શન અને તપાસના પુરાવાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે રોહન ચોક્સી પણ તેના પિતા મેહુલ ચોક્સી સાથે મળીને મની લોન્ડરિંગમાં સક્રિયપણે સામેલ હતો. આ આધારે EDએ રોહન ચોક્સી સાથે જોડાયેલી સંપત્તિઓની જપ્તી (એટેચમેન્ટ)ને યોગ્ય ગણાવી છે.

રોહન ચોક્સી વિરુદ્ધ કોઈ FIR નોંધાઈ નથી અને ન તો કોઈ ચાર્જશીટમાં તેનું નામ છે. કોઈ PMLA કેસમાં તે આરોપી પણ નથી. આવી સ્થિતિમાં EDના આ નવા દાવાએ એક મોટો સવાલ ઉભો કર્યો છે કે શું એજન્સી હવે તપાસનો દાયરો ચોક્સી પરિવારના અન્ય સભ્યો સુધી વિસ્તારવાની તૈયારીમાં છે? હવે આવનારા દિવસોમાં એ જોવું મહત્વનું રહેશે કે ED આ દિશામાં આગળ વધે છે કે નહીં.

શાહી વિવાદ વચ્ચે ચૂંટણી પંચનો મોટો નિર્ણય

# હવે મતદાન સમયે માર્કર પેનનો ઉપયોગ નહીં થાય

### આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ BMC ચૂંટણીમાં આંગળી પરની શાહી સરળતાથી ભૂંસાઈ જવાને કારણે સર્જાયેલો વિવાદ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લેતા હવે પછીની ચૂંટણીઓમાં શાહી માટે માર્કર પેનનો ઉપયોગ બંધ કરવાનો આદેશ આપ્યો છે. આગામી જિલ્લા પરિષદની ચૂંટણીઓથી આ નવો નિયમ લાગુ થશે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ BMC(મુંબઈ મહાનગરપાલિકા) ચૂંટણી દરમિયાન આંગળી પરની શાહી સરળતાથી ભૂંસાઈ જવાને કારણે સર્જાયેલો વિવાદ છે.

BMC ચૂંટણી દરમિયાન મતદાન કર્યા પછી મતદારોની આંગળી પર જે અમીટ શાહી લગાવવામાં આવે છે, તે સરળતાથી નીકળી જતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આ મુદ્દો ત્યારે વધુ ગરમાયો જ્યારે કલ્યાણના સ્વજી ઉમેદવાર ઉર્મિલા તાંબેએ સૌથી પહેલા આ અંગે અવાજ ઉઠાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ જાણીજોઈને આવી નબળી શાહી વાપરે છે જેથી સત્તાધારી પક્ષને ફાયદો થાય અને નકલી વોટિંગ કરાવી શકાય.ઉર્મિલા તાંબેની ફરિયાદ બાદ જ્યારે મીડિયાકર્મીઓએ આની તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું કે આંગળી પર એસીટોન લગાવતા જ શાહી તરત જ સાફ થઈ ગઈ હતી.

વિપક્ષી શિવસેના(UBT)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ચૂંટણી પંચ પર નિશાન સાધ્યું હતું. તેમણે ચૂંટણી પ્રક્રિયાની ખામીઓ ગણાવતા એવો આરોપ લગાવ્યો કે, વોટ આપ્યા પછી આંગળી પર લગાવવામાં આવતી શાહી બહુ આસાનીથી ભૂંસાઈ જાય છે. આ મામલે ચૂંટણી પંચની જવાબદારી નક્કી થવી જોઈએ.

બીજી તરફ, BMC કમિશનર ભૂષણ ગગરાણીએ પણ આ વાત સ્વીકારી છે કે માર્કર પેનથી કરવામાં આવેલું નિશાન કાયમી નથી અને તેને સહેલાઈથી સાફ કરી શકાય છે.

જોકે, ચૂંટણી પંચના જનસંપર્ક અધિકારી (PRO)એ બચાવ કરતા કહ્યું કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં આ એક જૂની પદ્ધતિ છે. વર્ષ ૨૦૧૨થી જ ચૂંટણીઓમાં માર્કર પેનનો ઉપયોગ કરવામાં આવે છે અને આ વખતે પણ એ જ પદ્ધતિ અપનાવવામાં આવી છે.

આ વિવાદ અંગે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર આકરું વલણ અપનાવતા કહ્યું કે, ચૂંટણી પંચ નાગરિકોને ભ્રમિત કરી રહ્યું છે. વોટની ચોરી કરવી એ રાષ્ટ્રવિરોધી કામ છે. જેના કારણે લોકશાહીમાં વિશ્વાસ ઘટે છે, જે ચિંતાજનક છે.

મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે જણાવ્યું છે કે, આંગળી પર લગાવેલી શાહી ભૂંસવાનો પ્રયાસ કરીને મતદારોમાં ગેરસમજ ઉભી કરવી એ એક પ્રકારની ગેરરીતિ છે. આ ઉપરાંત, જો કોઈ વ્યક્તિ આંગળી પરની શાહી ભૂંસીને ફરીથી મતદાન કરવા જશે, તો તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. રાજ્ય ચૂંટણી પંચે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, શાહી ભૂંસીને ગરબડ કરવાનો પ્રયાસ કરનાર મતદાર કોઈ પણ સંજોગોમાં ફરીથી વોટ આપી શકશે નહીં. મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચે આ અંગે વધુમાં કહ્યું કે, આ બાબતે પહેલેથી જ પૂરતી સાવચેતી રાખવામાં આવી રહી છે. દરેક મતદારના મતદાનનો રેકોર્ડ રાખવામાં આવે છે, તેથી માત્ર શાહી ભૂંસી નાખવાથી ફરી મતદાન કરવું શક્ય નથી. તમામ અધિકારીઓને આ બાબતે સતર્ક રહેવા માટે કડક સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે અંતિમ મેચ ૧૮મી જાન્યુઆરીએ રમાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈન્દોર

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ મેચની વનડે શ્રેણીનો ત્રીજો અને અંતિમ મેચ ૧૮ જાન્યુઆરી, રવિવારના રોજ ઈન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાશે. ભારતે વડોદરામાં ન્યુઝીલેન્ડ સામેની પહેલી મેચ ૪ વિકેટથી જીતી હતી. રાજકોટમાં બીજી મેચમાં ન્યુઝીલેન્ડે ભારતને ૭ વિકેટથી હરાવીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. ત્રણ મેચની વનડે શ્રેણી હાલમાં ૧-૧થી બરાબર છે. જો ભારત આ વનડે શ્રેણી જીતવા માંગે છે, તો તેણે કોઈપણ કિંમતે ઈન્દોર સ્ટેડિયમમાં જીત મેળવવી પડશે.

ન્યુઝીલેન્ડ સામે રવિવારે ૧૮ જાન્યુઆરીએ ઈન્દોરમાં રમાનારી ત્રીજી વનડે મેચમાં ભારતને જો જીત મેળવીને સિરીઝ પોતાના નામે કરવી હોય, તો તેણે ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને તક આપવી જ પડશે.

અર્શદીપ સિંહને પ્રસિદ્ધ કૃષ્ણાની જગ્યાએ ટીમમાં સામેલ કરી શકાય છે. જો ડાબોડી ખતરનાક ફાસ્ટ બોલર અર્શદીપ સિંહને ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં તક મળે છે, તો તે પોતાની કાતિલ બોલિંગથી ન્યુઝીલેન્ડ સામે કહેર મચાવી શકે છે.

પ્રસિદ્ધ કૃષ્ણાની વાત કરીએ તો, ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ બે વનડે મેચમાં તે માત્ર ૩ વિકેટ જ ઝડપી શક્યો છે. આ દરમિયાન તેનો ઈકોનોમી રેટ પણ ૫ થી વધુ રહ્યો છે. બીજી તરફ, અર્શદીપ સિંહને પ્રથમ બે વનડે મેચમાં બેન્ચ પર બેસવું પડ્યું હતું. અર્શદીપ સિંહ સતત ૧૪૦+ કિમી પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરવામાં માહિર છે અને તે ઘાતક યોર્કર ફેંકવા માટે પણ જાણીતો છે.

અર્શદીપ સિંહ પાસે અલગ-અલગ રીતે 'વાઈડ યોર્કર' અને 'બ્લોક-હોલ'માં બોલિંગ કરવાની ક્ષમતા છે. અર્શદીપ સિંહે ભારત માટે અત્યાર સુધી ૧૪ વનડે અને ૭૨ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી છે. તેણે વનડે મેચોમાં ૨૨ વિકેટ અને ટી૨૦ ઈન્ટરનેશનલ મેચોમાં ૧૧૦ વિકેટ ઝડપી છે. ત્રીજી વનડે મેચમાં અર્શદીપ સિંહ ટીમ ઈન્ડિયાનું સૌથી ઘાતક હથિયાર સાબિત થઈ શકે છે.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

સેન્સરની સરપ્રાઈઝ

# ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’માં મોટાભાગની ગાળો, અપશબ્દોને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ધમાલ કોમેડી ફિલ્મ ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ ૧૬ જાન્યુઆરીએ રિલીઝ થવા જઈ રહી છે અને તેનું અનોખું ટ્રેલર, કાસ્ટિંગ તેમજ આમિર ખાન પ્રોડ્યૂસર તરીકે અને એક કેમિયો માટે ફિલ્મ સાથે જોડાયેલો હોવાના કારણે ચર્ચામાં છે. થોડા દિવસો પહેલા તેના ડિરેક્ટર વિર દાસે કહ્યું હતું કે, ફિલ્મને ‘એ’ સર્ટિફિકેટ મળ્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ને ‘એ’ સર્ટિફિકેટ સાથે પાસ કરી છે. જોકે, સેન્સરે થોડા ફેરફાર કરવા કહ્યું છે. ચાર જગ્યાએ સંવાદોને યોગ્ય વન-લાઈનર્સથી બદલવા જણાવાયું છે. પરંતુ કટ લિસ્ટમાં આ સંવાદોની વિગત આપવામાં આવી નથી. બીજું, ‘બ્રાઉન’ શબ્દવાળો એક સીન ડિલીટ કરવા માટે કહેવામાં આવ્યું છે. આ સીન ૪૩ સેકન્ડનો હતો અને તેની જગ્યાએ ૨૧ સેકન્ડનો મંજૂર કરાયેલો સીન મૂકવામાં આવ્યો છે. અંતમાં, તમામ એન્ટી-આલ્કોહોલ, સ્મોકિંગ અને તમાકુ સંબંધિત ડિસ્ક્લેમર્સના ફોન્ટ સાઈઝ વધારવા માટે પણ નિર્માતાઓને સૂચના આપવામાં આવી છે. સારા સમાચાર એ છે કે ‘હેપ્પી પટેલ ખતરનાક જાસૂસ’માં ઘણી ગાળો અને અપશબ્દો છે અને તે તમામને મંજૂરી આપવામાં આવી છે. હકીકતમાં, લાંબા સમય બાદ સેન્સર આટલું ઉદાર બન્યું હોય એવું કહી શકાય.થોડા સમય પહેલાં જ ‘ધુરંધર’માં ‘એ’ રેટિંગ હોવા છતાં કેટલીક ગાળોને મ્યુટ કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ પણ છે કે સામાન્ય રીતે આવા પ્રકારની ફિલ્મોમાં એક્ઝામિનિંગ કમિટી અનેક કટ્સ માંગે છે, જેથી નિર્માતાઓને રિવાઈઝિંગ કમિટી પાસે જવું પડે અને ઓછી કાપકૂપની આશા રાખવી પડે છે. પરંતુ ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ના કેસમાં ઈસીએ જ ફિલ્મને ઓછામાં ઓછા ફેરફારો સાથે પાસ કરી દીધી છે. ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ના નિર્માતાઓને ૧૩ જાન્યુઆરીએ સેન્સર સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું. સર્ટિફિકેટમાં દર્શાવ્યા મુજબ ફિલ્મની લંબાઈ ૧૨૧.૪૨ મિનિટ છે. એટલે કે ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’ ૨ કલાક, ૧ મિનિટ અને ૪૨ સેકન્ડ લાંબી છે. ‘હેપ્પી પટેલઃ ખતરનાક જાસૂસ’નું ડિરેક્શન વીર દાસ અને કવિ શાસ્ત્રીએ કર્યું છે અને પ્રોડ્યૂસર્સ તરીકે વીર, કવિ, આમિર ખાન અને અપર્ણા પુરોહિત જોડાયેલા છે. ફિલ્મમાં વીર દાસ, મોના સિંહ, મિથિલા પાલકર સહિત અન્ય કલાકારો મહત્વના રોલમાં જોવા મળશે.

‘ભૂલચૂક માફ’ : હનીસિંહ

# કાર્યક્રમમાં અભદ્ર ભાષાના પ્રયોગ બાદ રેપરે કરી સ્પષ્ટતા

**લોકપ્રિય રેપર યો યો હનીસિંહ બુધવાર, ૧૪ જાન્યુઆરીથી સોશિયલ મીડિયા પર એક વિવાદના કારણે ટ્રેન્ડ થઈ રહ્યો છે**



(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

લોકપ્રિય રેપર યો યો હનીસિંહ બુધવાર, 14 જાન્યુઆરીથી સોશિયલ મીડિયા પર એક વિવાદના કારણે ટ્રેન્ડ થઈ રહ્યો છે. હનીસિંહનો એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તે લાઈવ કોન્સર્ટ દરમિયાન વાંધાજનક ભાષાનો પ્રયોગ કરતો જોવા મળે છે. આ વીડિયો સામે આવ્યા બાદ તેને સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલ કરવામાં આવ્યો હતો અને લોકોએ તેની નૈતિકતા પર સવાલ ઉઠાવ્યા હતા. જોકે, વિવાદ વધતા હવે હનીસિંહે જાહેરમાં માફી માંગી છે.હનીસિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને આ મામલે પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તેણે દાવો કર્યો છે કે સવારથી તેનો જે વીડિયો વાયરલ થઈ રહ્યો છે તે ‘એડિટેડ’ છે. હનીસિંહે વિગતવાર વાત કરતા જણાવ્યું કે, “હું તે શોમાં માત્ર એક મહેમાન કલાકાર તરીકે ગયો હતો. શો પર જતા પહેલા મારો કેટલાક ગાયનેકોલોજિસ્ટ અને સેક્સોલોજિસ્ટ મિત્રો સાથે લંચનો કાર્યક્રમ હતો.”હનીસિંહના જણાવ્યા મુજબ, “ડોક્ટરો સાથેની વાતચીત દરમિયાન મને જાણવા મળ્યું કે આજના યુવાનોમાં સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ડિસીઝ નું પ્રમાણ વધી રહ્યું છે અને લોકો અનસેફ સેક્સ કરી રહ્યા છે. જ્યારે હું સ્ટેજ પર ગયો ત્યારે ત્યાં મોટી સંખ્યામાં યુવાનો (Gen-Z) હાજર હતા. મેં તેમને તેમની જ ભાષામાં અને તેમની મનપસંદ OTT સ્ટાઈલમાં મેસેજ આપવાનું વિચાર્યું હતું જેથી તેઓ અનસેફ સેક્સ ન કરવા માટે જાગૃત થાય.”રેપરે વધુમાં ઉમેર્યું કે, “જો મારી ભાષાથી કોઈની લાગણી દુભાઈ હોય તો હું તે તમામની માફી માંગુ છું. મારો ઈરાદો કોઈને દુઃખ પહોંચાડવાનો નહોતો. માણસ ભૂલોમાંથી જ શીખે છે, હું પ્રયાસ કરીશ કે ભવિષ્યમાં આવું ન બને. હવેથી હું જે કંઈ પણ બોલીશ તે સમજી-વિચારીને બોલીશ.” હનીસિંહે આ વીડિયો પોસ્ટ કરતા કેપ્શનમાં લખ્યું છે - “ભૂલચૂક માફ.”

‘દ બ્લફ’ નું અધિકૃત ટ્રેલર રિલીઝ

# અભિનેત્રી પ્રિયંકા ચોપડાએ ચાંચીયામાં રોલમાં જીવ રેડયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,



પ્રિયંકા ચોપડા અને કાર્લ અર્બન અભિનિત ફિલ્મ ‘દ બ્લફ’ નું અધિકૃત ટ્રેલર રિલીઝ થઈ ગયુ છે. પ્રાઈમ વિડિયોએ પોતાના યુટ્યુબ ચેનલ પર બે મિનિટથી વધુ લાંબો આ ટ્રેલર શેર કર્યો છે, જેમાં પ્રિયંકાનો અત્યાર સુધીનો સૌથી ખતરનાક અને શક્તિશાળી અવતાર જોવા મળી રહ્યો છે.ટ્રેલરમાં પ્રિયંકા પોતાની દીકરીને બચાવવા માટે કોઈ પણ હદ સુધી જઈ શકે એવી માતાની ભૂમિકામાં જોવા મળે છે.

કાર્લ અર્બનની આગેવાનીમાં કેટલાક લોકો તેનો પીછો કરતા દેખાય છે. આ દરમિયાન પ્રિયંકા નિઃશસ્ત્ર હાથો, ચાકૂ, પથ્થરો અને તલવારથી દુશ્મનો સામે લડતી નજરે પડે છે. ટ્રેલરમાં ભયાનક અથડામણો અને અનેક ડ્રામેટિક દૃશ્યો દર્શાવવામાં આવ્યા છે.પ્રિયંકા આ ફિલ્મમાં એક પૂર્વ સમુદ્રી લૂંટારૂનો રોલ કરી રહી છે, જેને ટ્રેલરમાં ‘બ્લડી મેરી’ તરીકે ઓળખાવવામાં આવી છે. તેનો ભૂતકાળ ફરી સામે આવે છે અને તે એવી લડાઈઓ લડવા મજબૂર બને છે, જેને તે લાંબા સમયથી પાછળ છોડવા માંગતી હતી. પ્રિયંકાનો આ જોશીલો અને નિર્દય અવતાર દર્શકોને ઝંકૃત કરી દે છે.પ્રિયંકા અને કાર્લ અર્બન ઉપરાંત ફિલ્મમાં ટેમુએરા મોરિસન પણ મહત્વની ભૂમિકામાં છે. અમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ દ્વારા નિર્મિત અને ફ્રેન્ક ઈ. ફ્લાવર્સ દિગ્દર્શિત ફિલ્મ ‘દ બ્લફ’ ૨૫ ફેબ્રુઆરીએ પ્રાઈમ વિડિયો પર રિલીઝ થવાની છે.

ઠગ લાખો રૂપિયા સેરવી ગયો

# એક્ટર દિપક તિજોરી સાથે ફિલ્મ ફંડિંગના નામે છેતરપિંડી થઈ !

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ



બોલિવૂડના જાણીતા અભિનેતા અને ફિલ્મ નિર્માતા દીપક તિજોરી છેતરપિંડીનો શિકાર બન્યા છે. તેમની આગામી ફિલ્મ પ્રોજેક્ટ માટે ફંડિંગની વ્યવસ્થા કરી આપવાના બહાને ત્રણ શખસોએ તેની પાસેથી ૫ લાખ રૂપિયા પડાવી લીધા હોવાની ફરિયાદ મુંબઈના બાંગુરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.અહેવાલો અનુસાર, દીપક તિજોરી હાલમાં તેમની ચર્ચિત ફિલ્મ સીરીઝની સિક્વલ ‘ટોમ, ડિક એન્ડ હેરી ૨’ પર કામ કરી રહ્યા છે. આ ફિલ્મ માટે રોકાણકારો મેળવવાના પ્રયાસો દરમિયાન તે ઠગ ટોળકીના સંપર્કમાં આવ્યા હતા.

એક મિત્ર મારફતે દીપક તિજોરીનો પરિચય કવિતા શિબાગ કૂપર સાથે થયો હતો, જેણે પોતે ટી-સિરીઝ જેવી મોટી કંપની સાથે સંકળાયેલી હોવાનો દાવો કર્યો હતો. કવિતાએ દીપકને ફૌઝિયા આર્શી નામની મહિલા સાથે મેળવ્યા હતા. ફૌઝિયાએ દાવો કર્યો હતો કે તેના ઝી નેટવર્ક અને મીડિયા ઈન્ડસ્ટ્રીમાં મજબૂત સંબંધો છે અને તે ફિલ્મ માટે ‘લેટર ઓફ ઈન્ટરેસ્ટ’ અપાવી શકે છે. આ લેટર મેળવવાના નામે ફૌઝિયાએ ૫ લાખ રૂપિયાની માંગણી કરી હતી. દીપક તિજોરીએ વિશ્વાસ રાખીને બે હપ્તામાં આ પૈસા ટ્રાન્સફર કર્યા હતા.

અભિનેતા દીપક તિજોરીનો વિશ્વાસ જીતવા માટે આરોપીઓએ ઝી નેટવર્કના અધિકારી ‘જોશી’ હોવાનો ડોળ કરીને એક વ્યક્તિ સાથે ફોન પર વાત પણ કરાવી હતી. કરાર કર્યા બાદ અને નાણાં મેળવ્યા બાદ આરોપીઓએ દસ્તાવેજો આપવાનું ટાળ્યું હતું અને દીપકના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. જ્યારે દીપક તિજોરીએ પોતે તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે ઝી નેટવર્કમાં ‘જોશી’ નામનો કોઈ અધિકારી જ નથી અને કવિતાએ ટી-સિરીઝમાંથી પહેલેથી રાજીનામું આપી દીધું હતું.

આ મામલે દીપક તિજોરીની ફરિયાદના આધારે બાંગુરનગર પોલીસે કવિતા કૂપર, ફૌઝિયા આર્શી અને અન્ય એક અજાણી વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

પોલીસે જણાવ્યું છે કે ટૂંક સમયમાં ત્રણેય આરોપીઓની પૂછપરછ કરવામાં આવશે અને કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

પૂર્વ ક્રિકેટરનો સનસનીખેજ આરોપ

# ગૌતમ ગંભીરે રોહિત શર્માને ODI કેપ્ટનપદેથી હટાવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પૂર્વ ભારતીય ક્રિકેટર મનોજ તિવારીના એક નિવેદનથી ભારતીય ક્રિકેટમાં નવો વિવાદ સર્જાયો છે. તિવારીના મતે, ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે રોહિત શર્માને વનડે કેપ્ટનપદેથી હટાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તિવારીનો દાવો છે કે આ નિર્ણય સીધો લેવાયો ન હતો, પરંતુ પસંદગી સમિતિના અધ્યક્ષ અજીત અગરકર પર પ્રભાવ પાડીને તેને લાગુ કરવામાં આવ્યો હતો.

ગયા વર્ષે ઓક્ટોબરમાં જ્યારે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની વનડે શ્રેણી માટે ટીમની જાહેરાત કરી, ત્યારે રોહિત શર્માના સ્થાને શુભમન ગિલને નવા કેપ્ટન બનાવવામાં આવ્યા હતા. આ નિર્ણયથી ક્રિકેટ જગતમાં ઘણા સવાલો ઉભા થયા હતા, કારણ કે રોહિત વનડેમાં શાનદાર ફોર્મમાં હતો અને ૨૦૨૭ના વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને તૈયારી કરી રહ્યો હતો.

મનોજ તિવારીએ એક વાતચીતમાં જણાવ્યું કે, "અજીત અગરકર એક મજબૂત વ્યક્તિત્વ છે અને પોતાના નિર્ણયો લેવા સક્ષમ છે. પરંતુ આટલો મોટો નિર્ણય એકલા ન લઈ શકાય. પડદા પાછળ ઘણી વસ્તુઓ થતી હોય છે. આમાં કોચ (ગૌતમ ગંભીર) નો ઈનપુટ ચોક્કસપણે રહ્યો હશે." તિવારીને શંકા છે કે રોહિતને હટાવવાનો નિર્ણય સંપૂર્ણપણે પસંદગી સમિતિનો ન હતો.

મનોજ તિવારીએ એ પણ સ્વીકાર્યું કે કેપ્ટનપદેથી હટાવાયા બાદ રોહિત શર્માની ODI ફોર્મેટમાં રસ ઓછો થઈ ગયો હોય તેવું લાગે છે. તેમણે કહ્યું કે રોહિત પહેલાની જેમ મેદાન પર એનિમેટેડ દેખાતો નથી અને તેનો ઉત્સાહ ઓછો લાગે છે.

તિવારીએ રોહિત શર્માના નેતૃત્વનો બચાવ કરતા કહ્યું, "મેં રોહિત સાથે રમ્યું છે. તેમને જે રીતે હટાવાયા તે ખૂબ જ અપમાનજનક લાગ્યું. આટલા મોટા ખેલાડી સાથે આવો વ્યવહાર ન થવો જોઈએ હતો." તેમણે ઉમેર્યું કે રોહિતે કેપ્ટન તરીકે બે ICC ટ્રોફી જીતી છે અને તેમને હટાવવા પાછળ કોઈ ક્રિકેટિંગ તર્ક ન હતો. જો યુવા ખેલાડીને જવાબદારી આપવી જ હતી, તો આ પ્રક્રિયા ધીમે ધીમે અને સન્માનજનક રીતે કરી શકાઈ હોત. મનોજ તિવારીના આ ગંભીર આરોપો પર હજુ સુધી BCCI, અજીત અગરકર કે ગૌતમ ગંભીર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. જોકે, તિવારીનું આ નિવેદન હવે સોશિયલ મીડિયા પર ઝડપથી ચર્ચાનો વિષય બન્યું છે.

ફિલ્મ ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે

# અક્ષય ખન્ના રહેમાન ડકૈતના પાત્રમાં ‘ધુરંધર ૨’ ફરી ધૂમ મચાવશે

**નિર્માતાઓએ ‘ધુરંધર ૨’ નું શૂટિંગ પહેલાથી જ કરી લીધું છે, અને હવે તેઓ કેટલાક પસંદગીના દ્રશ્યો ફરીથી શૂટ કરવાની યોજના બનાવી રહ્યા છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ



અક્ષય ખન્નાનું રહેમાન ડકૈતનું અવિસ્મરણીય પાત્ર ‘ધુરંધર ૨’ માં ફરી એકવાર ધૂમ મચાવી રહ્યું છે, જે આદિત્ય ધરના બોક્સ ઓફિસ સેન્સેશનની સિક્વલ છે. જોકે તેના પાત્રનો પ્રથમ હપ્તામાં દુઃખદ અંત આવ્યો હોય તેવું લાગતું હતું, ફિલ્મ નિર્માતાઓ તેને ફરીથી જોઈ શકાય તે માટે નવીન ફ્લેશબેક અને રિશૂટ બનાવી રહ્યા છે. આદિત્ય ધરની ‘ધુરંધર’ ફિલ્મે બોક્સ ઓફિસ પર રેકોર્ડબ્રેક સફળતા મેળવી છે. દરેક અભિનયને દર્શકો તરફથી પ્રશંસા મળી, પરંતુ અક્ષય ખન્નાના રહેમાન ડકૈતના પાત્રને ભારે પ્રેમ મળ્યો છે. ફિલ્મમાં ફિલપેરાચીના ગીત પર તેનો કેઝ્યુઅલ ડાન્સ સ્ટેપ ઈન્ટરનેટ પર વાયરલ થયો. અને હવે, ચર્ચાને ધ્યાનમાં રાખીને, નિર્માતાઓ આ પાત્રને બીજા ભાગમાં પણ લાવવાની તૈયારીમાં છે. અહેવાલ મુજબ, નિર્માતાઓએ ‘ધુરંધર ૨’ નું શૂટિંગ પહેલાથી જ કરી લીધું છે, અને હવે તેઓ કેટલાક પસંદગીના દ્રશ્યો ફરીથી શૂટ કરવાની યોજના બનાવી રહ્યા છે. અહેવાલ મુજબ, ફિલ્માંકન આ મહિનાના અંતમાં શરૂ થશે. આ પ્રક્રિયામાં આદિત્ય ધર વ્યક્તિગત રીતે સામેલ છે. રિશૂટમાં અક્ષય ખન્ના સિક્વન્સનો સમાવેશ થાય છે.રહેમાન ડકૈતનું પાત્ર પ્રથમ ભાગમાં મૃત્યુ પામે છે. અને જો બધું જ જગ્યાએ પડે, તો અહેવાલો અનુસાર, પ્રેક્ષકો તેને ભાગ ૨ માં ફરી એકવાર મોટા પડદા પર જોઈ શકશે. તે જોવું રસપ્રદ રહેશે કે ધર ફિલ્મમાં ડકૈતના પાત્રને ફરીથી કેવી રીતે સમાવશે. આદિત્ય ધર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ જ્યાંથી પહેલો ભાગ સમાપ્ત થયો હતો ત્યાંથી આગળ વધશે. અહેવાલ મુજબ, તેમાં રહેમાન દકૈતના મૃત્યુ પછી પાકિસ્તાનના લ્યારી ટાઉનના આતંકવાદી જૂથમાં રણવીર સિંહના પાત્ર, હમઝાનો ઉદય દર્શાવવામાં આવશે. આ ફિલ્મ ૧૯ માર્ચ, ૨૦૨૬ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. તે યશની ખૂબ જ અપેક્ષિત ફિલ્મ ‘ટોક્સિકઃ અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ’ સાથે બોક્સ ઓફિસ પર ટકરાશે.

કરણ જોહરનો ફિલ્મનો ખર્ચો પણ ન નીકળ્યો

# ફિલ્મ ફલોપ થતાં કરણ જોહરે કાર્તિક પાસેથી ફીના પૈસા પાછા લઈ લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ





કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની ફિલ્મ ‘તુ મેરી મૈ તેરા, મૈ તેરા તુ મેરી’ ટિકિટબારી પર સદંતર ફલોપ જતાં કાર્તિક આર્યને પોતાની ફીની રકમ કરણ જોહરને પાછી આપી દેવી પડી હોવાનું કહેવાય છે. આ ફિલ્મ આશરે ૯૦ કરોડના ખર્ચે બની હતી. તેમાં એકલા કાર્તિક આર્યનને જ ૫૦ કરોડની ફી અપાઈ હોવાનું કહેવાય છે. પરંતુ ટિકિટબારી પર આ ફિલ્મ પહેલા જ દિવસથી ફલોપ થઈ ગઈ હતી. પહેલા જ દિવસે કેટલાંય સ્થળે ફિલ્મને પૂરતા પ્રેક્ષકો ન મળતાં શો કેન્સલ કરવાનો વારો આવ્યો હતો. બીજા દિવસથી તો સંખ્યાબંધ સ્ક્રીન પરથી આ ફિલ્મ ઉતારી લેવામાં આવી હતી. કાર્તિક આર્યન પોતાની જાતને નવી પેઢીનો સૌથી સેલેબલ સ્ટાર માનવા માંડયો હતો અને તેના કારણે તેણે બોલિવુડના અનેક દિગ્ગજ નિર્માતાઓ સાથે દુશ્મની પણ વ્હોરી લીધી હતી. પરંતુ, આ ફિલ્મનો રકાસ થતાં તેના પગ જમીન પર આવી ગયા છે. તેણે કરણ જોહરને ૧૫ કરોડ રુપિયા પાછા આપી દેવા પડયા છે. બોલિવુડ વર્તુળોમાં ચર્ચા છે કે આ ફિલ્મમાં કાર્તિક આર્યનની ઓવર એક્ટિંગ તથા બોક્સ ઓફિસ પર તેની ઝીરો વેલ્યૂ જોતાં કરણ જોહરે ભવિષ્યમાં તેને રીપિટ નહિ કરવાનું નક્કી કરી લીધું છે. જોકે, કાર્તિકની ટીમ એવો પ્રચાર કરી રહી છે કે ફિલ્મ ફલોપ જવા છતાં કરણ સાથે તેના સંબંધો સારા છે અને તેઓ હજુ વધુ ફિલ્મો સાથે કરવાના છે. કાર્તિકની ટીમ એવો પણ પ્રચાર કરી રહી છે કે કરણે ફી પાછી માગી ન હતી પરંતુ આ તો કાર્તિકે જ સૌજન્ય ખાતર સામે ચાલીને પોતાની ફીના ૧૫ કરોડ રુપિયા પાછા આપી દીધા છે.

# યુનિવર્સિટીએ ૨ વિદ્યાર્થીઓને આપવા પડ્યા પોણા ૨ કરોડ રૂપિયા!

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાની એક યુનિવર્સિટીમાં પાલક પનીર ગરમ કરવા જેવી સામાન્ય બાબતે બે ભારતીય વિદ્યાર્થીઓને આશરે ૧.૮ કરોડ રૂપિયા(૨ લાખ ડોલર)નું વળતર મળ્યું હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે.

આ ઘટના સપ્ટેમ્બર ૨૦૨૩ની છે, જ્યારે યુનિવર્સિટી ઓફ કોલોરાડો બોલ્ડરમાં પીએચડી કરી રહેલા આદિત્ય પ્રકાશ નામનો વિદ્યાર્થી પોતાનું લંચ(પાલક પનીર) માઈક્રોવેવમાં ગરમ કરી રહ્યો હતો. તે સમયે એક સ્ટાફ મેમ્બરે ખાવાની તીવ્ર ગંધ અંગે ફરિયાદ કરી તેમને અટકાવ્યા હતા. આ મામલો સામાન્ય બોલાચાલીથી શરૂ થઈને કોર્ટ સુધી પહોંચ્યો હતો, કારણ કે આદિત્ય અને તેમની પાર્ટનર ઉર્મિ ભટ્ટાચાર્યએ તેને ભેદભાવ ગણાવ્યો હતો.

આદિત્યનો આરોપ છે કે જ્યારે તેમણે આ ભેદભાવ સામે અવાજ ઉઠાવ્યો, ત્યારે યુનિવર્સિટીએ તેમની સામે બદલાલક્ષી કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

તેમને સિનિયર ફેકલ્ટી દ્વારા વારંવાર બોલાવીને માનસિક ત્રાસ આપવામાં આવ્યો અને સ્ટાફને અસુરક્ષિત અનુભવવાના ખોટા આરોપો લગાવવામાં આવ્યા. એટલું જ નહીં, તેમની પાર્ટનર ઉર્મિ પાસેથી પણ તેમની ટીચિંગ આસિસ્ટન્ટની નોકરી છીનવી લેવામાં આવી હતી.

ઈમરાન ખાને ૨૦૧૧ માં અવંતિકા મલિક સાથે લગ્ન કર્યા હતા

# ડીપ્રેશનના સમયમાં મને ગર્લફ્રેન્ડ લેખાએ સાચવ્યોઃ ઈમરાન ખાન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

સુપરસ્ટાર આમિર ખાનના ભત્રીજા અને અભિનેતા, ઈમરાન ખાન, હાલમાં તેમની આગામી ફિલ્મ, હેપ્પી પટેલ માટે સમાચારમાં છે. વર્ષોથી ડિપ્રેશનથી પીડાતા ઈમરાન, તાજેતરમાં એક મીડિયા ઈન્ટરવ્યુ દરમિયાન તેમની ગર્લફ્રેન્ડ, લેખા વોશિંગ્ટન વિશે ખુલ્લેઆમ વાત કરી. ઈમરાન ખાને વર્ણન કર્યું છે કે કેવી રીતે લેખાના બિનશરતી પ્રેમે તેમના જીવનના મુશ્કેલ સમયમાં તેમને સાથ આપ્યો. તેમની પુત્રી ઈમરાએ પણ આમાં તેમનો સાથ આપ્યો.ઈમરાન ખાન માને છે કે લેખાના સાચા પ્રેમને કારણે જ તેઓ ડિપ્રેશનને દૂર કરી શક્યા. લગભગ ૧૧ વર્ષના લાંબા ગાળા પછી, ઈમરાન ખાન હેપ્પી પટેલ સાથે મોટા પડદા પર પાછા ફરી રહ્યા છે. તેઓ છેલ્લે કંગના રનૌત સાથે ફિલ્મ કટ્ટી બટ્ટીમાં જોવા મળ્યા હતા. તાજેતરમાં, હેપ્પી પટેલના પ્રમોશન દરમિયાન, ઈમરાન ખાને ઈન્ટરવ્યુમાં તેમણે તેમની ગર્લફ્રેન્ડ લેખા વોશિંગ્ટન વિશે ખુલ્લેઆમ વાત કરી હતી. તેમણે કહ્યું:“મારા જીવનમાં તે સમયે લેખા અને મારી પુત્રીનો પ્રેમ મેળવવો મારા માટે બેવડી શક્તિ હતી. સાચો પ્રેમ શોધવો તમને શક્તિથી ભરી દે છે અને તમને સાજા કરવામાં મદદ કરે છે. કોઈને નિષ્ઠા અને નિઃસ્વાર્થતાથી પ્રેમ આપવો એ પણ એક સમાન લાગણી છે. મેં મારી પુત્રી અને મારા જીવનસાથી, લેખા વચ્ચે આ જોયું, પ્રેમ આપવો અને પ્રેમ મેળવવો.’’ આ મારા સ્વસ્થ થવા અને મારા પોતાના વિકાસ અને સુખાકારી માટે મહત્વપૂર્ણ રહ્યું છે.આ રીતે ઈમરાન ખાને પોતાનો અનુભવ શેર કર્યો. ૨૦૨૦ માં ઈમરાન અને લેખાના અફેરના સમાચાર સામે આવ્યા.

લેખા પાછળથી અનેક પ્રસંગો અને અભિનેતાના કૌટુંબિક કાર્યોમાં જોવા મળી હતી, જે તેમના સંબંધની પુષ્ટિ કરે છે. અગાઉ, ઈમરાન ખાને ૨૦૧૧ માં અવંતિકા મલિક સાથે લગ્ન કર્યા હતા, અને ૨૦૧૯ માં તેમના છૂટાછેડા થયા હતા. ઈમરા તેમની પુત્રી છે.

# શાહિદની ઓ રોમિયોનું ટ્રેલર લોન્ચ છેલ્લી ઘડીએ મોકૂફ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

શાહિદ કપૂર અને તૃપ્તિ ડિમરીની ફિલ્મ ‘ઓ રોમિયો’નું ટ્રેલર લોન્ચ છેલ્લી ઘડીએ મુલત્વી રહ્યું હોવાનું કહેવાય છે.

હુસૈન અસ્તરાની દીકરીએ ફિલ્મ નિર્માતાઓ પાસેથી બે કરોડની માગણી કરી છે અને પોતાની કેટલીક ડિમાન્ડ સંતોષાય નહિ ત્યાં સુધી ફિલ્મની રીલિઝ મુલત્વી રાખવા ચેતવણી આપી છે. તેના પગલે આ નિર્ણય લેવાયો હોવાનું કહેવાય છે. ફિલ્મ સાથે સંકળાયેલાં વર્તુળોના દાવા અનુસાર સલામતીનાં કારણોસર ફિલ્મનું ટ્રેલર લોન્ચ કેન્સલ કરાયું છે. આ ફિલ્મ હુસૈન અસ્તરાની જીવનકથા પર આધારિત હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મ સર્જક વિશાલ ભારદ્વાજે ક્યારેય આ બાબતે ફોડ પાડયો નથી. હુસૈન અસ્તરાની દીકરી સનોબર શેખે વિશાલ ભારદ્વાજને આપેલી નોટિસ અનુસાર આ ફિલ્મમાં તેનાં પિતાનું ચિત્રણ ખોટી રીતે કરાયું હોવાની તેને શંકા છે. આથી, તેણે પોતાની કેટલીક શંકાઓનું સમાધાન માગ્યું છે અને વળતર પેટે રૂ. બે કરોડ આપવાની માગણી કરી છે. જોકે, આ સમગ્ર વિવાદ અંગે ફિલ્મની ટીમ તરફથી સત્તાવાર રીતે કશું જણાવાયું નથી.

આઈઆઈએફએલ હોમ ફાઈનાન્સ લિમિટેડ
આઈઆઈએફએલ હાઉસ, સન ઈન્ફોટેક પાર્ક, રોડ નં. 16વી, પ્લોટ નં. બી–23, એમઆઈડીસી, થાણે ઈન્ડસ્ટ્રીયલ એરિયા, વાગલે એસ્ટેટ, થાણે – 400604, મહારાષ્ટ્ર
CIN: U65993MH2006PLC166475
IIFL HOME LOAN

આ સૂચના અન્વયે સામાન્ય જનતા અને આઈઆઈએફએલ હોમ ફાઈનાન્સ લિમિટેડ.ના ગ્રાહકોને અત્રે માહિતગાર કરવામાં આવે છે કે આઈઆઈએફએલ હોમ લોનની 1લો માળ, શોપ નં. 17, માર્કેટ યાર્ડ કોમ્પ્લેક્સ, સેવા સદન રોડ, શાક માર્કેટ ગેટ નજીક, વિરામગામ ગુજરાત–382150 સ્થિત શાખા **20 એપ્રિલ, 2026**ના રોજથી બંધ થશે.

તમામ ગ્રાહકો અને જાહેર જનતાને ઉપરોક્તની નોંધ લેવાની વિનંતી કરવામાં આવે છે. તમારી નજીકની આઈઆઈએફએલ હોમ લોનની અન્ય શાખાઓને શોધી કાઢવા માટે મુલાકાત લો **iiflhomeloans.com/ locate-us**

### ચૂંટણીની નવી રણનીતિ પર કરાશે કામ

# ગુજરાતમાં કોંગ્રેસને ફરી બેઠી કરવા રાહુલ ગાંધીનો નવો આદેશ

## કોંગ્રેસ યુવા કાર્યકર્તાઓ અને નવા ચહેરાઓ પર ફોકસ કરશે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં નવી સ્ટ્રેટેજી પર કામ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ભાજપની સ્ટ્રેટેજી છે કે, તે નવા ચહેરા પર સ્ટાર બનાવે છે. રાજકારણમાં અનુભવી રાજકારણીઓની સાથે યુવા નેતાઓના જોશ અને જુસ્સાની પણ એટલી જ જરૂર છે, તેવું કોંગ્રેસ પણ હવે પારખી ગઈ છે. તેથી કોંગ્રેસે પણ નવા ચહેરાઓને આગામી ચૂંટણીમાં ઉતારવાની સ્ટ્રેટેજી અપનાવી છે.

ગુજરાત કોંગ્રેસ ગુજરાતની આગામી ચૂંટણીમં યુવા કાર્યકર્તાઓને ચૂંટણી લડવા માટે તૈયાર કરશે.

આગામી સમયમાં ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે. આ ચૂંટણીઓ પૂરી થશે એટલે ફરીથી વિધાનસભાની ચૂંટણીઓ આવશે. ત્યારે કોંગ્રેસે અત્યારથી જ પોતાના નવા પ્લાન પર અમલ કરવાનું નક્કી કરી લીધું છે. દિલ્હી હાઈકમાન્ડમાંથી આદેશ છૂટ્યો છે કે, પક્ષના યુવા કાર્યકર્તાઓને ચૂંટણી લડવાની તાલીમ આપવામાં આવે. ભાજપની જેમ કોંગ્રેસ પણ નવાં જ ચહેરા પર દાવ લગાવશે અને પાલિકા-પંચાયતની ચૂંટણીઓમાં તેનો અમલ કરવામાં આવશે.

રાહુલ ગાંધીના આદેશથી ગુજરાતમાં દિલ્હીથી ટીમ ઉતારવામાં આવી છે. આ ટીમે ગુજરાતમાં મોરચો સંભાળ્યો છે. રાહુલ ગાંધીના આદેશ બાદ દિલ્હીથી યુવા કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવ અને ગુજરાતના પ્રભાવી નિખીલ દ્વિવેદીએ મોરચો સંભાળ્યો છે. આ ટીમ ગુજરાતના યુવા કાર્યકર્તાઓને ચૂંટણી લડવા માટે તૈયાર કરશે.

આ માટે ગુજરાતના દરેક જિલ્લાઓમાં કારોબારી બેઠકનું આયોજન કરાશે. કોંગ્રેસ પોતાની યંગ બ્રિગેડને ચૂંટણી માટે તૈયાર કરશે. જે યુવા ચૂંટણી લડવા માંગે તેમની સાથે બેઠકો કરાશે.

આ સાથે જ કોંગ્રેસ એ પણ સ્ટ્રેટેજી પર કામ કરી રહ્યું છે, જેમાં સત્તાપક્ષ ભાજપ સામે કેવી રીતે વિરોધ પ્રદર્શનો કરી શકાય. જે યુવાઓ ટ્રેઈનિંગ લેશે, તેમનું પ્રદેશ નેતાગીરી મોનિટરીંગ કરશે. યુવાઓની સક્રિયતા પ્રમાણે તેમની યોગ્યતાના આધારે પસંદગી કરાશે.

વર્ષોથી કોંગ્રેસમાં એક ને એક ચહેરાઓએ કબજો જમાવેલો છે. ભાજપ સામે વારંવાર આ નેતાઓ આવતા મતદાતાઓ પણ નારાજ છે તેવું કોંગ્રેસ પારખી ગઈ છે. તેથી પોતાના મતદારોને સાચવવા માટે કોંગ્રેસ હવે ભાજપની સ્ટ્રેટેજી પર દાવ અજમાવશે. જેમાં ભાજપના પૂર્વ અધ્યક્ષ સીઆર પાટીલે જૂના ઉમેદવારોને પક્ષમાંથી દૂર કરીને ૮૦ ટકા નવા ચહેરા મેદાનમાં ઉતાર્યા હતા. આ કારણે ભાજપ ગત વિધાનસભામાં સફળ ગઈ હતી. તેથી કોંગ્રેસ પણ હવે આ પ્લાન પર કામ કરશે.

### સુરત શહેરમાં માનવતા કંપાવી દે તેવી ઘટના બની

# "મરી જા": પતિની ઉશ્કેરણી અને પત્નીનું આત્મઘાતી પગલું

## ઈચ્છાપોરમાં આપઘાત માટે ઉશ્કેરી પત્નીનો સળગતી હાલતનો પતિએ વિડીયો બનાવ્યો : પતિની ધરપકડ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાંથી માનવતાને શરમાવે તેવી એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ઈચ્છાપોર વિસ્તારમાં એક પતિએ ક્રૂરતાની તમામ હદો વટાવતા, સળગતી પત્નીને બચાવવાને બદલે તેનો વીડિયો ઉતાર્યો હોવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપી પતિની ધરપકડ કરી છે.

મૂળ બિહારની અને હાલ સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષીય પ્રતિમાદેવીના લગ્ન આશરે ત્રણ વર્ષ અગાઉ રંજિત દિલીપ સાથે થયા હતા. લગ્નના ટૂંકા ગાળામાં જ પ્રતિમાદેવી માટે તેનું સાસરું નર્ક સમાન બની ગયું હતું. પતિ રંજિત અવારનવાર નાની-નાની વાતોમાં ઝઘડો કરી પ્રતિમાદેવીને માનસિક અને શારીરિક ત્રાસ આપતો હતો.

ઘટનાના દિવસે પતિ-પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સતત મળતા ત્રાસથી કંટાળીને પ્રતિમાદેવીએ હતાશામાં કહ્યું કે, "હું મરી જઈશ." પત્નીને શાંત પાડવાને બદલે પથ્થર દિલના પતિએ તેને ઉશ્કેરતા કહ્યું, "ઘરમાં તેલ પડ્યું છે, તેનાથી સળગી જા." પતિની આ ભયાનક ઉશ્કેરણીના પગલે આવેશમાં આવીને પ્રતિમાદેવીએ ઘરમાં પડેલું ડીઝલ પોતાના શરીર પર છાંટી દીધું અને દિવાસળી ચાંપી દીધી હતી.

આ ઘટનામાં સૌથી વધુ આઘાતજનક બાબત એ રહી કે જ્યારે પ્રતિમાદેવી આગની જ્વાળાઓમાં લપેટાયેલી હતી અને મદદ માટે ચીસો પાડી રહી હતી, ત્યારે પતિ રંજિતનું દિલ પીગળ્યું નહીં. તેને બચાવવા કે આગ ઓલવવાને બદલે, રંજિત મોબાઈલ ફોન કાઢીને તેની પત્નીનો સળગતી હાલતનો વીડિયો ઉતારવા લાગ્યો હતો.

આ ગંભીર ઘટનાની જાણ થતા જ ઈચ્છાપોર પોલીસ હરકતમાં આવી હતી. મૃતકના પરિવારજનોના આરોપ અને પ્રાથમિક તપાસના આધારે પોલીસે પતિ રંજિત વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરણી અને પુરાવા નષ્ટ કરવા જેવી ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસે આરોપી પતિની ધરપકડ કરી લીધી છે અને મોબાઈલ ફોન કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પતંગની દોરીથી સુરતમાં ૭ સહિત કુલ ૧૧નાં મોત

# ગુજરાતમાં બે દિવસમાં કુલ ૧૧,૫૭૮ ઈમરજન્સી કેસ

## સામાન્ય દિવસની સરખામણીમાં ૧૪ અને ૧૫મી જાન્યુઆરીના દિવસે વધારે ઈમરજન્સી કેસ નોંધાયા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

રાજ્યમાં ઉત્તરાયણના બે દિવસમાં એટલે કે, ૧૪ અને ૧૫મી જાન્યુઆરીના દિવસ દરમિયાન દોરીને કારણે કુલ ૧૧ લોકોનાં મોત નીપજ્યા છે. આ પરિવારોમાં ઉત્તરાયણનો ઉત્સાહ માતમમાં છવાયો છે. ગુજરાતમાં સૌથી વધારે સાત લોકોનાં મોત સુરતમાં નીપજ્યા છે. જ્યારે અમદાવાદ, અરવલ્લી, ખંભાત અને જંબુસરમાં એક એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. આ ઉપરાંત ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસીસે આપેલી માહિતી પ્રમાણે, બે દિવસમાં કુલ ૧૧,૫૭૮ ઈમરજન્સી કેસ નોંધાયા છે.૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસીસ (EMS) એ ઉત્તરાયણ ૨૦૨૬ દરમિયાન સરળ કટોકટી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે અદ્યતન આગાહી, વ્યૂહાત્મક તૈનાતી અને ચોવીસ કલાક કામ કર્યું હતું. ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ, ૧૦૮-EMS એ રાજ્યભરમાં ૫,૮૯૭ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. જે સામાન્ય દિવસની તુલનામાં એકંદરે ૩૩%થી વધારે છે. ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એટલે વાસી ઉત્તરાયણમાં રાજ્યભરમાં ૫,૬૮૧ કટોકટીના કેસો નોંધાયા હતા. જે સામાન્ય દિવસની તુલનામાં એકંદરે ૨૮%થી વધારે છે. એકંદરે, ઉત્તરાયણના બે દિવસ દરમિયાન ૧૦૮-EMS દ્વારા કુલ ૧૧,૫૭૮ ઈમરજન્સી કેસ નોંધાયા હતા. સામાન્ય દિવસની સરખામણીમાં ૧૪ અને ૧૫મી જાન્યુઆરીના દિવસે વધારે ઈમરજન્સી કેસ નોંધાયા હતા. ૧૪મી તારીખે સામાન્ય દિવસની સરખામણીમાં ૩૩.૩ ટકા કેસ વધારે નોંધાયા હતા. બુધવારે કુલ ૫૮૯૭ કેસ નોંધાયા હતા. જ્યારે ૧૫મી તારીખે સામાન્ય દિવસની સરખામણીમાં ૧૮.૪ ટકા કેસ વધારે નોંધાયા હતા. ગુરુવારે કુલ ૫૬૮૧ કેસ નોંધાયા હતા.

સુરતના વેડ રોડ અને અડાજણને જોડતા બ્રિજ પર હચમચાવી નાખે તેવી ઘટના બની હતી. ૩૫ વર્ષીય રેહાન પોતાની પત્ની અને સાત વર્ષની પુત્રી આયેશા સાથે સુભાષ ગાર્ડન ફરીને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન બ્રિજ પર અચાનક પતંગની દોરી આડી આવતા રેહાને ટુ વ્હીલરનું સંતુલન ગુમાવ્યું હતું.

### પતંગ ખરીદવા આવેલા ગ્રાહકોને માર મારવાનો આરોપ

# અલ્પેશ કથિરીયા અને તેમના ભાઈ સામે ફરિયાદ

## અલ્પેશ કથિરીયાના ભાઈ અને એક ગ્રાહકને પતંગના ભાવ બાબતે બોલાચાલી : સામાન્ય ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરમાં ઉતરાયણ પૂર્વ પર પતંગ બજારમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે, ત્યારે ગુજરાતમાં એક સમયે પાટીદાર અનામત આંદોલન સમયે ચર્ચામાં રહેલા નેતા અલ્પેશ કથિરીયા હાલ ફરી એકવાર વિવાદના કેન્દ્રમાં આવ્યા છે. હાલ તેમના પર સુરતના સરથાણા વિસ્તારમાં પતંગ ખરીદવા આવેલા ગ્રાહકો સાથે માથાકૂટ બાદ મારામારી કરવાના આરોપ લાગ્યા છે અને આ મામલે અલ્પેશ કથિરીયા સહિત તેમના ભાઈ અને અન્ય એક શખ્સ વિરુદ્ધ સરથાણા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરીએ તો, હાલ ઉત્તરાયણના તહેવાર પર અલ્પેશ કથિરીયાના ભાઈએ સુરત શહેરના સરથાણા વિસ્તારમાં કિરણ ચોક પાસે પાટીદાર પાઘડી વાળા પતંગનો સ્ટોલ શરુ કર્યો હતો, જ્યાં અલ્પેશ કથિરીયાના ભાઈ અને એક ગ્રાહકને પતંગના ભાવ બાબતે બોલાચાલી થઈ હતી. આ સામાન્ય ઝઘડાએ જોતજોતામાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. હવે આ સમયે અલ્પેશ કથિરીયાએ તેમના ભાઈનું ઉપરાણું લઈને ગ્રાહકો સાથે ઝપાઝપી કરી હતી અને તેમને ઢીક-મુક્કીનો માર માર્યો હોવાનો આરોપ લાગ્યો છે. આ મામલે ભોગ બનનાર ગ્રાહક ચંદ્રેશભાઈએ જણાવ્યું હતું કે, "હું પતંગ ખરીદવા ગયો હતો ત્યારે ત્યાં માઈકમાં ગાળો બોલવામાં આવી રહી હતી. જેથી મેં બજરંગ દળ અને RSSનો કાર્યકર હોવાથી ગાળો બોલવાની ના પાડી, તો અલ્પેશ અને તેનો ભાઈ દાદાગીરી કરવા લાગ્યા હતા." આટલું જ નહીં, "ઘટના સમયે પોલીસ પણ હાજર હતી અને પોલીસની હાજરીમાં જ અમને(અલ્પેશ કથિરીયા અને તેના ભાઈએ) દ્વારા માર મારવામાં આવ્યો અને પોલીસે બચાવ્યા પણ નહીં." હોવાનો પીડિત આરોપ કરી રહ્યા છે. ત્યારે આ ઘટના બાદ ચંદ્રેશ અને તેના ત્રણ મિત્રો ઈજાગ્રસ્ત હાલતમાં સરથાણા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. હાલ આ સમગ્ર મામલે સરથાણા પોલીસે ત્વરિત કાર્યવાહી હાથ ધરી છે અને અલ્પેશ કથિરીયા સહિત કુલ ત્રણ શખ્સો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૩૫૨, ૧૧૫ (૨) અને ૫૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરાઈ હોવાના સમાચાર સામે આવી રહ્યા છે. ત્યારે સુરત પતંગ બજારમાં બનેલી આ ઘટનાને પગલે સ્થાનિકોમાં અને રાજકીય વર્તુળોમાં અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

### રાજકોટ મનપાની વેરા વસૂલાતની ઝુંબેશ

# એક જ દિવસમાં ૩૮૦ મિલકતો સીલ અને રૂ. ૪ કરોડની આવક

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

હાલ માર્ચ મહિનો નજીક આવતા જ રાજકોટ મહાનગરપાલિકા (RMC) એક્શન મોડમાં આવી છે. મનપાના ટેક્સ વિભાગ દ્વારા બાકી વેરો વસૂલવા માટે મિલકતો સીલ કરવાની અને જપ્તીની કાર્યવાહી પૂરજોશમાં હાથ ધરવામાં આવી છે. ત્યારે માત્ર ગતરોજ (૧૫મી જાન્યુઆરીએ) માત્ર એક જ દિવસમાં તંત્ર દ્વારા રૂ. ૪ કરોડની વસૂલાત કરવામાં આવી છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર ૩૮૦ મિલકતોને સીલ મારી દેવામાં આવી હોવાની માહિતી હાલમાં ડેપ્યુટી કમિશનર સી. કે. નંદાણીએ આપી છે.

આ અંગે ડેપ્યુટી કમિશનર સી. કે. નંદાણીએ વિગતો આપતા વધુમાં જણાવ્યું હતું કે, ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોટ મહાનગરપાલિકાને અત્યાર સુધીમાં રૂ. ૩૨૫ કરોડની વેરા આવક થઈ છે. આટલું જ નહીં, હજુ પણ રૂ. ૧૭૨ કરોડની વસૂલાત બાકી છે, જે માર્ચના અંત સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. નોંધનીય છે કે માત્ર સામાન્ય જનતા જ નહીં, પરંતુ રાજકોટની વિવિધ સરકારી કચેરીઓનો પણ રૂ. ૨૦ કરોડ જેટલો વેરો બાકી છે.

આ મામલે ડેપ્યુટી કમિશનરે સ્પષ્ટતા કરી હતી કે, "અગાઉ એવી માન્યતા હતી કે સરકારી કચેરીઓએ વેરો ભરવો પડતો નથી, પરંતુ વિવિધ ન્યાયિક ચુકાદાઓ બાદ હવે સ્પષ્ટ છે કે સરકારી કચેરીઓએ પણ ફરજિયાત વેરો ભરવો પડશે. અમને આશા છે કે માર્ચ સુધીમાં આ આવક પણ થઈ જશે."

રાજકોટ મનપા તંત્રએ આ કડક કાર્યવાહી કરી નાગરિકોને અપીલ કરી છે કે, તેઓ કોઈ પણ વચેટિયાનો સંપર્ક કર્યા વગર સીધો જ વેરો ભરે. આ માટે નાગરિકો RMCની વેબસાઈટ પર જઈને પોતાનો બાકી વેરો ચેક કરી શકે છે. ઈસ્ઝની વેબસાઈટ પર જે નાગરિકોનો મોબાઈલ નંબર રજીસ્ટર હોય છે તેઓને સમયાંતરે પાલિકા તરફથી જરૂરી અપડેટ્સ મળતી રહે છે. જ્યારે હાઈરાઈઝ બિલ્ડિંગમાં ફ્લેટ ધારકો વ્યક્તિગત વેરો ભરી દે છે પરંતુ ઘણીવાર સમૂહમાં ભરવાનો પાણી વેરો બાકી રહી જાય છે, જે સાથે મળીને ભરી દેવા સૂચના અપાઈ છે. વધુમાં જો વોર્ડ ઓફિસમાં કોઈ પ્રશ્નનું નિવારણ ન આવે, તો નાગરિકો સીધો ડેપ્યુટી કમિશનરનો સંપર્ક કરી શકે છે, તેવું પણ ડેપ્યુટી કમિશનર સી. કે. નંદાણીએ ઉમેર્યુ હતું.

નોંધનીય છે કે, રાજકોટ પાલિકા તંત્રની આ કાર્યવાહી અંગે વિપક્ષી નેતાઓ અને વેપારી આગેવાનો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તંત્ર નોટિસ આપ્યા વગર જ સીલિંગની કાર્યવાહી કરે છે. ત્યારે આ બાબતે પણ ડેપ્યુટી કમિશનર નંદાણીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, મનપા કાયદાકીય પ્રક્રિયાને અનુસરે છે અને જપ્તીની નોટિસ આપ્યા વગર કોઈ પણ મિલકત સીલ કરવામાં આવતી નથી.

# રાજકોટમાં પ્રેમિકાએ મિત્ર સાથે મળીને પ્રેમીને રહેંસી નાંખ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના સહકાર રોડ પર મકર સંક્રાંતિની સાંજે સરાજાહેર હત્યાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. જેમાં ૨૫ વર્ષીય સાવન રમણીકગીરી ગોસ્વામી નામના યુવાનની તેની જ પૂર્વ પ્રેમિકા વર્ષા ગઢવીએ પોતાના મિત્ર દર્શન ઉર્ફે ભુદેવ સાથે મળીને છરીના ૧૭ જેટલા ઘા ઝીંકી નિર્મમ હત્યા કરી નાખી હતી. ભક્તિનગર પોલીસે આ મામલે મૃતકના પિતાની ફરિયાદ પરથી બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી તેમને સકંજામાં લીધા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, મૂળ કાલાવડના નાની વાવડી ગામનો વતની સાવન છેલ્લા દોઢેક વર્ષથી રાજકોટમાં ૪૫ વર્ષીય વર્ષા ગઢવી સાથે લગ્ન વગર પતિ પત્નીની જેમ રહેતો હતો. જોકે છેલ્લા ચારેક મહિનાથી બંને વચ્ચે મનમેળ ન હોવાથી સાવન અલગ રહેતો હતો. અલગ થયા હોવા છતાં સાવન વર્ષાને હેરાન કરતો હોવાનો ખાર રાખીને આ હત્યા કરવામાં આવી હતી. ઘટનાના દિવસે વર્ષાએ સાવનને ફોન કરીને સહકાર રોડ પર બોલાવ્યો હતો જ્યાં વર્ષા અને હાલમાં તેની સાથે રહેતા દર્શને મળીને સાવન પર છરી વડે તૂટી પડ્યા હતા.

સાવનને શરીરના વિવિધ ભાગોએ ૧૭ જેટલા ઘા વાગતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યું હતું.આ બનાવ અંગે કાલાવડ પોલીસ સ્ટેશનમાં જીઆરડી તરીકે ફરજ બજાવતા મૃતકના પિતા રમણીકપરી ગોસ્વામીએ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

### પતંગની દોરીએ ૮ વર્ષના માસૂમનો જીવ લીધો

# માત્ર ૧૫ સેકન્ડમાં પતંગની દોરીથી બાળકનું મોત થયું

## બે બાળકો બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં સાયકલ ચલાવી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી : CCTV સામે આવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત શહેરમાં વધુ એક પતંગની કાતિલ દોરીએ ૮ વર્ષના બાળકનો ભોગ લીધો છે. જહાંગીપુરા વિસ્તારમાં આનંદ વિલામાં સાયકલ સવાર બાળકના ગળામાં દોરી વાગતા મોત નિપજ્યું. બે બાળકો બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં સાયકલ ચલાવી રહ્યા હતા, ત્યારે આ ઘટના બની હતી. સમગ્ર સમગ્ર ઘટનાના હચમચાવતાં CCTV પણ સામે આવ્યા છે. આનંદ વિલા સોસાયટીના કમ્પાઉન્ડમાં બે બાળકો સાયકલ ચલાવી રહ્યા હતા. આ દરમિયાન અચાનક પતંગની કાતિલ દોરી સાયકલ સવાર બાળકના ગળામાં આવી ગઈ હતી. દોરી એટલી ધારદાર હતી કે બાળકના ગળાના ભાગે ગંભીર ઈજા થઈ હતી અને જોતજોતામાં લોહીલુહાણ હાલતમાં બાળક ઢળી પડ્યો હતો.

આ સમગ્ર ઘટના સોસાયટીના CCTV કેમેરામાં કેદ થઈ છે. હચમચાવી દેતા આ વીડિયોમાં જોઈ શકાય છે કે બાળક આનંદથી સાયકલ ચલાવી રહ્યો હતો અને પળવારમાં કાળરૂપી દોરીએ તેને લપેટમાં લઈ લીધો. આ દ્રશ્યો જોઈને આસપાસના રહીશો અને પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. બિલ્ડીંગના કમ્પાઉન્ડમાં સાયકલ ચલાવતી વખતે પતંગની દોરી ગળામાં ફસાતા બાળકનો જીવ લઈ ગઈ. ઉત્તરાયણ પૂર્વે ચાઈનીઝ કે કાતિલ માંઝાથી બચવા અને બાળકોને સુરક્ષિત રાખવા માટે આ ઘટના લાલબત્તી સમાન છે. વાહન ચલાવતી વખતે કે ખુલ્લા મેદાનમાં રમતી વખતે ખાસ તકેદારી રાખવી જરૂરી છે.

### અમદાવાદ અશાંત ધારા મામલે મોટી કાર્યવાહી

# પાલડીના ૯ બંગલા તોડીને મૂળ માલિકોને પરત કરાશે

## પાલડીમાં અશાંત ધારાનું પાલન કરવા ડિમોલીશન : નૂતન સર્વોદય સોસાયટીમાં આલિશન બંગલાનું ડિમોલીશન કરાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ અશાંત ધારા મામલે કલેક્ટર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઉત્તરાયણની રજાઓ પૂરી થતા જ અમદાવાદના પાલડી વિસ્તારમાં મેગા ડિમોલિશન હાથ ધરાયું હતું. જેમાં ૯ આલિશાન બંગલા તોડી પાડવામાં આવ્યા છે. આ બંગલાઓને તેમના મૂળ હિન્દુ માલિકોને પરત કરવામાં આવશે.

અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલી નૂતન સર્વોદય કોપરેટીવ હાઉસિંગ સોસાયટીમાં અશાંત ધારાનો ભંગ થવાના મામલે કલેક્ટરે મોટી કાર્યવાહી કરી છે. ડેપ્યુટી સિટી કલેક્ટર (પશ્ચિમ અમદાવાદ)ની કોર્ટ દ્વારા ૯ બંગલાના વેચાણ દસ્તાવેજોને રદબાતલ કરવાનો હુકમ કરવામાં આવ્યો છે, અને આ બંગલા હવે મૂળ હિન્દુ માલિકોને પરત આપવામાં આવશે. નૂતન સર્વોદય કોપરેટીવ હાઉસિંગ સોસાયટીના બંગલા તેમના નવ હિન્દુ માલિકો દ્વારા વેચાણ કરેલ દસ્તાવેજ રદબાતલ કરાયા છે. ડેપ્યુટી સીટી કલેકટર પશ્ચિમ અમદાવાદની કોર્ટ દ્વારા હુકમ કરાયો છે. જેમાં જવાબદાર સામે ફોજદારીનો ગુનો દાખલ કરવા મામલતદારને હુકમ કરાયો છે. દસ્તાવેજ રદબાતલ થતા સ્થાનિક હિન્દુ પરિવારોમાં ખુશીની લાગણી ફેલાઈ છે. એલિસબ્રિજના MLA અમિતભાઈ શાહ દ્વારા આ અંગે રજૂઆત કરાઈ હતી. આ મુદ્દે એલિસબ્રિજના ધારાસભ્ય અમિતભાઈ શાહે કહ્યું કે, નૂતન સર્વોદય સોસાયટીમાં અશાંતધારાનો ભંગ થયો હતો. જે અંગે અમે CM અને DyCMને રજુઆત કરી હતી, જે બાદ કાર્યવાહી થઈ છે.

# પતિએ મોબાઈલ ફોન લઈ આપવાની ના પાડતા પત્નીએ કર્યો આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)મોડાસા,

ભવાનપુર પાસે નેપાળની પરિણીતાએ જીવન ટૂંકાવી લીધું છે. નેપાળથી આવેલા આ દંપતી ચાઈનીઝ મંચુરિયનનો ધંધો કરીને ગુજરાન ચલાવતા હતા. પતિ-પત્ની વચ્ચે ગૃહકલેશ બાદ પત્નીએ ગળેફાંસો ખાધો હોવાની પ્રાથમિક માહિતી મળી રહી છે. મોડાસા રૂરલ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલીને વધુ તપાસ હાથ ધરી છે.પ્રાથમિક માહિતી પ્રમાણે, મોડાસાના ભવાનપુર પાસે નેપાળની યુવતીએ ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું છે. નેપાળથી આવેલા પતિ-પત્ની વચ્ચે ગૃહ કલેશ બાદ પત્નીએ અંતિમ પગલું ભર્યુ હોવાનું સામે આવ્યું છે. પતિએ મોબાઈલ ફોન લઈ આપવાની ના પાડતા પત્નીએ આપઘાત કરી લીધો છે. પત્નીએ પોતાના ઘરમાં જ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. આ સમાચાર સામે આવતા પરિવાર અને આખા પંથકમાં આઘાત છવાયો છે.આ કિસ્સામાં રૂરલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ આસપાસના પાડોશીઓ અને પરિવારની પૂછપરછ કરી શકે છે.

### 'સાહેબ હું ખરેખર મરી જાઉં એ પહેલાં જીવતો કરી દો' : વૃદ્ધની વ્યથા

# પંચાયતે ૧૨ વર્ષ પહેલાં મારી નાખેલા ૮૦ વર્ષના વૃદ્ધની 'જીવતા' થવા રજૂઆત

## મધ્યપ્રદેશના ઉમરિયા જિલ્લામાં ૧૨ વર્ષથી સરકારી કચેરીના ધક્કા ખાતા આદિવાસી વયોવૃદ્ધ ધમીરા બેગાને સરકારી યોજનાનો લાભ મળતો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઉમરિયા

મધ્યપ્રદેશના ઉમરિયા જિલ્લાના કરકેલી ગ્રામ પંચાયતનો એક અજીબ કિસ્સો સામે આવ્યો છે. પંચાયતે ૧૨ વર્ષ પહેલાં ધમીરા બેગા નામના વૃદ્ધને મૃત જાહેર કરી દીધા હતા. ખરેખર એ વૃદ્ધ જીવતા હતા. તેમણે પંચાયતને ભૂલ સુધારી લેવા માટે કેટલીય વખત જણાવ્યું છતાં રજિસ્ટરમાં સુધારો થયો નહીં. તેના કારણે આ વૃદ્ધને પારાવાર મુશ્કેલી પડી રહી છે. કલેક્ટર પાસે આ મામલો પહોંચ્યો પછી કલેક્ટરે તપાસનો આદેશ આપ્યો છે.કરકેલી ગ્રામ પંચાયતે ૧૨ વર્ષ પહેલાં ધમીરા બેગા નામના વૃદ્ધને મૃત જાહેર કરી દીધા હતા. એ વૃદ્ધ જીવતા હતા. મૃત જાહેર કરી દેવાતા તેમને મળતી બધી જ સરકારી યોજનાઓ બંધ થઈ ગઈ. પેન્શન મળતું બંધ થઈ ગયું અને સરકારી રાશન પણ અટકી ગયું. એ વૃદ્ધે તપાસ કરતાં ખબર પડી કે તેમને મૃત જાહેર કરી દેવાયા છે. તેમણે પંચાયતને રજૂઆત કરી, પરંતુ કોઈ ઉકેલ ન આવ્યો. તેમણે તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ પણ રજૂઆતો કરી, પરંતુ બધે જ એક જ જવાબ મળતો હતો કે પંચાયતમાં કહો કે ફરીથી નામ ઉમેરે. પરંતુ પંચાયતના સરપંચ અને તલાટી મંત્રીએ નામ ન ઉમેર્યુ તે ન જ ઉમેર્યું.આ વાતને ૧૨-૧૨ વર્ષ વીતી ગયા. ધમીરા બેગા ૧૨-૧૨ વર્ષથી સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ કોઈ જ પરિણામ ન મળતાં આખરે કલેક્ટરના લોક દરબારમાં હાજર રહીને રજૂઆત કરી. તેમણે કલેક્ટરને આજીજી કરી : સાહેબ હવે તો હું મરી જવાનો છું, ૮૦ વર્ષનો થયો છું. મહેરબાની કરીને મને જીવતો કરી દો. મને ખાવાના ફાંફાં પડે છે. સરકારી સહાય શરૂ કરાવો. હું અસહાય થઈ ગયો છું. મને અનાજ મળતું નથી કે પેન્શન પણ મળતું નથી. આખો કિસ્સો સાંભળીને કલેક્ટરને ઘટનાની તપાસનો આદેશ આપ્યો છે.